

# ગુણાતીત જ્યોત

અક્ષરરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





વર્ષ ૫૫, અંક : ૧૧, તા.૨૧મી નવેમ્બર, ૨૦૨૫, સંવત - ૨૦૮૨ માગશર સુદ - ૧, શુક્રવાર

દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂ.૧૦૦

## તા.૧.૧૧.૨૦૨૫ – ગુરુહરિ પપ્પાજીમહારાજના 'શાશ્વત સંકલ્પ પર્વ' ૧૧૦મા પ્રાગટ્ય પ્રારંભની ઉજવણી...







સ્વાગત વધામણાં અને 'પરમ ગરિમા' સંવાદનાટિકાની સ્મૃતિ પળો...



















ભાવાર્પણ અને ગરિમા વંદના...





































'પ્રેરકનાં પ્રેરણા બુંદ' ગ્રંથનું ડીજીટલ અનાવરણ...









હરિભક્તો અને ગુણાતીત સમાજના કેન્દ્રો તરફથી ભાવાર્પણ...















# તા.ર.૧૧.૨૦૨૫ – પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પ.પૂ.હંસાદીદીના 'પ્રેરણા પીયૂષ પર્વ' ૯૦મા પ્રાગટ્ય પ્રારંભની ઉજવણી...










સ્વાગત વંદના...



પૂજન-અર્ચન...



















'આતમનું પ્રેરણા પીયૂષ' ગ્રંથનું ડીજીટલ અનાવરણ...





ભાવાર્પણ અને મહિમા વંદના...




























માહાત્મ્યમાં તરબોળ ભક્ત સમુદાય...













આરતી દ્વારા અંતર આરત અર્પણ...





# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ દેહ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજીમહારાજ  પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : 3** આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં, સૌ પળે, સર્વ પ્રસંગે રાખવી. – ગુરુહરિ પપ્પાજીમહારાજ



### શ્રીજી રસામૃત

'... આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી પર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે...' (વચ.વડતાલ ૧૯)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

...આપણને મહારાજ મળ્યા તે આપણે અક્ષરરૂપ માનવું પણ દેહ હું નહીં ને વિષય પરાભવ કરે એ તો દેહનો રાહ જ છે, તો પણ અક્ષર માનવું.

(સ્વામીની વાતુ પ્રક.૪ની ૧૧૧મી વાત)



### દિવ્યામૃત

પ્રભુને ભૂલી બીજા પ્રયત્ન કરવાના હેતુથી જે કર્મ કરે તે સંસૃતિ જ ઊભી કરે છે. પ્રારબ્ધ જ ઊભું કરો છો. એટલે મનથી પ્રભુથી ભર્યા જ રહો. અખંડ પ્રભુનું ચિંતવન હશે તો જે ક્રિયા કરશો તે બંધનરૂપ કે પ્રારબ્ધ ઊભું નહીં કરે.

(તા.૧૧.૧૧.૧૯૯૭)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૯ | પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિને... | ૧૩ |
| ગુરુહરિ પપ્પાજીમહારાજની પરાવાણી... | ૧૦ | પરમની આરાધના | ૧૪ |
| વચનામૃત ગ.અં.૨૬નું નિરૂપણ... | ૧૧ | સત્સંગ સમાચાર... | ૧૬ થી... |



# પપ્પાજીની પરાવાણી...

સ્મૃતિ એ જબરજસ્ત સાધન છે. આપણને મળ્યા છે તેની સ્મૃતિ કર્યા કરવી. સ્મૃતિ એ પાવર છે. સ્મૃતિ કરવાથી સુખિયા થઈ જવાય. તે કાળ, કર્મ, માયાના પ્રારબ્ધને પાસે આવવા ના દે. સ્મૃતિનું કવચ પહેરી લીધું હોય તો માયા અડશે નહીં.

એકવાર જૂનાગઢમાં ગુણાતીતાનંદસ્વામીજી પધરામણીએ ગયેલા. એ સત્સંગીની બાજુમાં એક મુસલમાન રહેતો હતો. તેને સત્સંગ તો નહોતો પણ પાડોશી ધર્મ તરીકે ગુણાતીતાનંદસ્વામીજીને બોલાવ્યા. સ્વામી જઈને બેઠા. ધૂન કરી હશે. થોડી વાતો કરી હશે. પછી જતાં જતાં કહે કંઈ કામ પડે તો હંભારજો. એ મુસલમાન તેના પાડોશીને કહે, 'મારે ક્યાં કામ પડવાનું છે ? આ તો વ્યવહારની રીતે બોલાવ્યા.' સૂબો હતો એટલે જરા સત્તાનો ગર્વ તો હોય જ ને !

થોડો વખત થયો ને રાજાની દ્રષ્ટિ તેના પર ખફા થઈ. તે પેલાને જેલમાં પૂર્યો. એને તો બરાબર અકળામણ થવા લાગી. છેવટે એને વિચાર આવ્યો કે, પેલા બાવાજી આવ્યા'તા તેમણે કહ્યું હતું કે કામ પડે તો સંભારજો. તો લાવને સંભારું.

આ મુસલમાન સ્વામીને સંભારવા માંડ્યો. તો રાત્રે ગુણાતીતાનંદસ્વામીએ તેને સ્વપ્નમાં દર્શન દીધા. ને કંઈક કંઈક વાતચીત થઈ હશે. ને ખરેખર બીજે દિવસે એ જેલમાંથી છૂટી ગયો.

મતલબ શું કે, આપણે પ્રભુને તેમજ મળ્યા છે તે સ્વરૂપને સંભારવા પડે. સંભારવા એ આપણી ફરજ અને રક્ષા કરવી એ એમની ફરજ. આપણો તો પ્રપત્તિયોગ છે તેમાં એક જ સાધન છે ને તે છે સ્મૃતિ. બીજો કોઈ યોગ આપણાથી ના થઈ શકે પણ સ્મૃતિ તો થઈ શકે ને ? આપણા ભાગ્યનો પાર નથી. આ સત્પુરુષો ખૂબ કૃપાળુ છે. કેટલો સરળ ઉપાય તેઓએ જ બતાવ્યો ! ને તેમાં પાવર છે. તેમની સ્મૃતિ કરવાથી આલોકની મૂંઝવણ તો દૂર થાય પણ આપણા સ્વભાવ, પ્રકૃતિ પણ બદલાઈ જાય.

સ્મૃતિનો ઉપાય સર્વોપરી છે. પ્રહ્‌લાદજીએ પ્રભુનું સ્મરણ કર્યું. સ્મૃતિ કરી. તો ભગવાન સાથે ઘણા દિવસ યુદ્ધ કર્યું. પણ જ્યાં ભગવાનની સ્મૃતિ કરવી શરૂ કરી ત્યાં ભગવાન છ મહિનામાં વશ થઈ ગયા.

એમ આપણે ગમે તેવી મૂંઝવણ આવે તો પણ ડરવું નહીં. આપણી પાસે ભગવાન છે તેમને સંભારવા મંડી પડવું. તો જરૂરથી રક્ષા કરશે. આપણા લક્ષ્મણબાપાએ જેલમાં યોગીબાપાને સંભાર્યા કર્યા તો નિર્દોષ છૂટી ગયા. આપણી સામે સાકાર દાખલો છે.

આપણે એક ડૉક્ટર પર કેટલો વિશ્વાસ મૂકીએ છીએ કે તે જે કરશે તે સારું થશે. એમ આ આપણા આત્માના ડૉક્ટર છે. તો તેમના પર વિશ્વાસ રાખીને તેમને સંભારીએ તો અશક્ય કામ શક્ય થતું અનુભવીશું. આપણો આવો એક અનુભવ અનેક અનુભવોને ખેંચી લાવશે. માટે મળ્યા છે તેમનો આશરો રાખીએ. દ્રઢ વિશ્વાસ રાખીએ તો કાળ, કર્મ, માયા આપણી પાસે ફરકી જ ના શકે. હરે.... (તા.૨૨.૧૧.૧૯૮૩)

**પ.પૂ.દીદીએ ૨૦૨૫ માટે આપેલો આદેશ...**
**લક્ષ : સંકલ્પ સિદ્ધ કરીએ પપ્પાજીનો... વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જઈએ...**






## વચનામૃત ગ.અં.૨૭ : મન–ઈંદ્રિયોને દાબીને વર્તે તેવા સંતનું...

### ગુરુહરિ પપ્પાજીમહારાજે કરેલું નિરૂપણ...

(ગતાંકથી ચાલુ...)

**‘એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા...’**

આપણને વીજળી જેવા સંતોની પ્રાપ્તિ થઈ ગઈ. બા, બેન, જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન, જસુબેન, પદુબેન, મધુબેન, સવિબેન, દયાબેન, શોભનાબેન, ગુણાતીત, જયુબેન, ઈંદુબેન, લીલાબેન, તરૂબેન, મનીબેન, માયાબેન બહેનોમાં તૈયાર થયા. સાહેબને સેવીને અશ્વિનભાઈ, શાંતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ, રતિભાઈ વગેરે તૈયાર થયા. એવા સંતો ને ગૃહસ્થો એમ ઢગલાબંધ વીજળી જેવા સંતો તૈયાર થઈ ગયા. ને ભગવાનનું કામ કરતાં થઈ ગયા. તેમનામાં જોડાઈને સમાગમ કરી લઈએ તો ગુણાતીતભાવમાં રહેતાં થઈ જવાય. તેમના સંકલ્પે આપણા ચૈતન્ય ભેદાઈ જાય. તેને મનુષ્ય જેવા ના માનવા. એ બ્રહ્મસ્વરૂપ છે. મહારાજના વચન છે કે હું સાધુ સ્વરૂપે અખંડ રહીશ. તે સાકાર જોઈએ છીએ.

આવા સંતોની એક ભગવાન તરફની વફાદારી હોય છે એ જ સત્ય. બાકીનું અસત્ય. કહેવું પડે, કથવું પડે, જગતમાં ભળવું પડે. વીજળી પાણીમાં રહે છે. પાણીમાં તે વાદળમાં ચમકારા કરે ને ! પણ એમાં લય ના થાય. એમ ઈંદ્રિયો, અંતઃકરણ એક ભગવાનના કાર્યમાં જ પરોવવાના. બીજે તારતમ્યતાએ. એમ એવો બૃહદ વૈરાગ્ય, ધર્મ ને જ્ઞાન. એના સંબંધવાળા ગમે તેવા હોય, જેતલપુરની વેશ્યા હોય કે જોબન વરતાલો હોય. કોણે ગ્રહણ કર્યા છે ? એવા સમર્થ મળ્યા છે. એટલે એ એનું જોશે. એને ધીમે ધીમે લપટમાં લઈ સરસ કરી દેશે. એટલે નિર્દોષબુદ્ધિ એ ધર્મ. આ મળ્યા છે તે જબરજસ્ત છે. સિંહને બકરી બનાવે ને બકરીને સિંહ બનાવે એવા મળ્યા છે. એ આપણે સાકાર જોઈ નાખ્યું. તો શા માટે ભગવાનના ભક્તોનું જોવું છે ? બહુ સમર્થ ધણી મળ્યો છે ! આવી જાતની નિર્દોષબુદ્ધિ રાખે ને કોઈનું જુએ નહીં. એવું વિચારે ને વર્તે. જે આપણને મળ્યા છે તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા ન જાણવા.

આમાં મહારાજે શું કહ્યું કે, એવા જે ભગવાનના સંત. ભગવાન નથી કહ્યા. સર્વોપરી પુરુષોત્તમનારાયણ ભગવાન તો મહારાજ જ.

આપણે સાધકો છીએ. આપણે કંઈક આદર્શ રાખ્યો હશે. તેનોય બૌદ્ધિક ઈગો હશે. તપાસ કરજો. એમાંથી બ્રહ્મ ઈગો કરવો છે. બ્રહ્મના દાસત્વપણાનો ઈગો રાખીએ. જોકે ઈગો સારો કે નરસો રાખવાનો જ નથી. પણ ‘હું’પણું છે તેમાંથી બહાર નીકળવા બ્રહ્મપણું રાખીએ. પછી તો કોઈ જાણપણું પણ નહીં રાખવું પડે તેવા મહારાજ કરી દેશે. વીજળી જેવા સંતો આપણી

જેમ જ બધી ક્રિયાઓ કરે પણ તેમની ક્રિયામાં પ્રભુનું પ્રધાનપણું ને પ્રભુની પ્રસન્નતાની ભાવના હોય છે.

હું ઘણીવાર કહું છું કે એક છરી હોય તો તેનાથી શાક પણ સમારાય, ઑપરેશન પણ થાય ને ખૂન કરવામાંય વપરાય. એમ આપણા ઈંદ્રિયો-અંતઃકરણ એકના એક પણ તે તમોગુણમાં વપરાય ને સત્વગુણમાંય વપરાય. તેનાથી માન-મોટપ કદાચ મળે. પણ તે જ ભગવાન અને તેમના ભક્તો અર્થે વાપરીએ તો ભગવાનનું, અક્ષરધામનું સુખ આવતું થઈ જાય. જોગીમહારાજ આપણી સાથે રમ્યા-જમ્યા, હર્યા-ફર્યા ને રૂપાંતર કરી નાખ્યું કે, સિંહ જેવામાંથી બકરી બનાવી દીધા. આપણા લક્ષ્મણબાપા. જબરજસ્ત તમોગુણના રાજા. વિચારને તો પામે નહીં, એ રાંક થઈ ગયા. સાકાર સ્વરૂપ છે. હીરાભાઈનો દાખલો આપુ છું. મોટા મોટાની વાત જુદી એ તો અનાદિના કહેવાય. કાકા છે, બા છે, સાહેબ છે. એ બધા અનાદિના મુક્તો જ. ગુણાતીત સ્વરૂપો જ.

**'ને દેવ જેવા પણ ન જાણવા...'**

આ વીજળી જેવા સંતોને દેવ જેવા ના જાણવા. દેવ જેવા હોય તો પોતાની ભોગબુદ્ધિ માટે રિધ્ધિ-સિદ્ધિ ને ઐશ્વર્ય વાપરે. ભોગબુદ્ધિનો સંકલ્પ હોય. માણસને, દેવને છેક પ્રકૃતિપુરુષ સુધીનો કંઈક કંઈક મનગમતો સંકલ્પ હોય તેમાં મૂર્તિ વાપરી દે. મહારાજ કહે, આ આપણે ના જોઈએ. અમે તો એ સંકલ્પનો રોગ ટાળવા આવ્યા છીએ. બધાય ભગવાન ભજો છો. વાત કરીએ છીએ કે નિષ્કામ થવું છે. આમ થવું છે ને તેમ થવું છે. પણ ક્યારેક એવા મનમુખી સંકલ્પના ચાકર બની જાવ છો. નોકર બની જાવ છો. એ મહારાજે, ગુણાતીતાનંદસ્વામીએ પારખી પાડ્યું. મારે તો સંકલ્પનો રોગ કાઢવો છે. પૃથ્વી પર ભગવાન થઈને પૂજાય એટલું ઐશ્વર્ય આવી ગયું હશે પણ મનમુખી સંકલ્પ કરશો તો ચૈતન્યશુદ્ધિ નહીં થાય. બધી મૂડી વપરાઈ જશે. માટે પ્રભુના દાસ થઈને જીવીએ. કારણ પ્રકૃતિપુરુષ સુધી વાસના છે. અક્ષરમુક્તોને વાસના ના હોય.

**'કેમ જે એવી ક્રિયા દેવ, મનુષ્યને વિશે હોય નહીં...'**

આપણા સહવાસથી સામાનું જગત ખરવું જોઈએ. ઓછું થવું જોઈએ. વીજળી જેવા સંતો મહારાજની સેવા જ કરે રાખે છે કે સંબંધમાં આવ્યું તે કેટલું ચોખ્ખું થયું ? એ તરફ જ તેમનું ધ્યાન હોય છે. ને સામાનું જગત ખોટું થવા માંડે તો જાણીએ કે મહારાજને રાજી કરવા આ ક્રિયા કરી રહ્યાં છે. આ વીજળી જેવા સંતના લક્ષણ કહી દીધાં. ધર્મ, જ્ઞાન, ભક્તિ ને બૃહદ વૈરાગ્ય પરાભક્તિરૂપ હોય છે. એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.

ભગવાનને પ્રસન્ન કરવાનો વિચાર દેવ, મનુષ્યને હોય નહીં. પોતાની વૃત્તિના દોર્યા દોરવાય છે. પછી તે માનની વૃત્તિ હોય, કામની વૃત્તિ હોય, સ્વાદની વૃત્તિ હોય, સ્નેહની વૃત્તિ હોય, લોભની વૃત્તિ હોય એના પાછળ દોડ્યા જ જાય છે. આખી દુનિયા ભોગ ભોગવવામાં છે. એક સુખ ભોગવ્યું તો બીજા માટે ફાંફા મારે. એમ કૂદાકૂદ કર્યા કરે. જ્યારે વીજળી જેવા સંત માણસ જેવી જ ક્રિયા કરે – ખાય, પીવે પણ કોઈક જીવના રૂડા થવાના માટે. એમની અને આપણી ક્રિયામાં આભ-જમીનનો ફેર છે. એમની હરેક ક્રિયાથી આપણા ચૈતન્યની શુદ્ધિ થાય છે. જગતના રાગરહિત ને ભગવાનના રાગેયુક્ત થઈ જઈશું. ગુણાતીત સ્વરૂપોને ડીસીપ્લીન છે કે કોઈ જીવ પર દ્રષ્ટિ કરે તો તેને ગુણાતીત બનાવવાનો એ એમની ફરજ થઈ જાય છે.

તમે બધા જગતમાં રહેતા હોવ તો લગન કરો, ધંધા-વેપાર કરો. બાળકોની ૨૧ વર્ષ સુધી આપણી જવાબદારી. એ જવાબદારી અદા કરવી. ભગવાન ભજવા છે કરીને છોડી દેવાની વાત ખોટી. અમે ગૃહસ્થ જ હતા. કોઈને છોડ્યા નહીં. પત્ની, છોકરા બધાય સાથે ને સૌ અક્ષરધામના માર્ગે ચાલ્યા. સાકાર દાખલો કાકાનો, મારો, બાનો, બેનનો, જસુબેનનો, સાહેબનો, હરિપ્રસાદસ્વામીનો છે. એટલે ગૃહસ્થ હોય કે ત્યાગી. મનની વૃત્તિ અખંડ ભગવાનમાં રાખે એ વીજળી જેવા સંતો છે. આપણને જે સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે તેમને પુરુષોત્તમ નારાયણનું સ્વરૂપ માનીને તે જેમ કહે તેમ કરી લઈએ. (ક્રમશઃ)



## પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિને...

પ.પૂ.જસુબેનને પ્રત્યક્ષ નરતનધારી પ્રભુધારક પપ્પાજી મળ્યા, મનાયા ને સમર્પણભાવ થયો તે પળથી પપ્પાજીની વ્યાપકતાનો સ્વીકાર વિચાર, વાણી, વર્તને સહજ દીસતો. તેમની પપ્પાજી સાથેની ઐક્યતા અજોડ હતી. પ.પૂ.જસુબેન અદ્વિતીય આધ્યાત્મિક સમજણ અને પ્રીતિ દ્વારા પામી ગયાં ને સંબંધમાં આવનારને પમાડી ગયા. આ પ્રાપ્તિ હોય નહીં ! એ કેવો અસીમિત અહોહોભાવ ! શ્રદ્ધા ને વિશ્વાસ. જબરજસ્ત બ્રાહ્મીશક્તિના ધારક. વિચાર એ જ સંકલ્પ. જે જે દ્રષ્ટિમાં આવ્યા તે સૌના અંતરને પિછાણી તે ચૈતન્યોનું છૂપું જતન કરી, પ્રેમ, પ્રાર્થનાથી ગમે તેવા સ્વભાવ પ્રકૃતિને જીતાડી આધ્યાત્મિક રાહે ચાલતા કર્યા છે. તેમના મુખમાંથી સરી પડેલા શબ્દોને પ્રભુ સ્વીકારી જે તે જીવના દોર પકડી લેતા ને તે સત્ય સંકલ્પમાં પરિણમતા.

પોતે સુહૃદ, આત્મીય અને માહાત્મ્ય સ્વરૂપ. સંબંધનો અજોડ મહિમા. મારા આરાધ્ય પ્રભુના સંબંધવાળા એ બધા મારા. ક્યાંય ભેદભાવ નહીં. બધાને જોઈને આંખડી હસી ઊઠે. એને માટે શું ના થાય! માત્ર વાચ્યાર્થમાં નહીં પણ પ્રેક્ટીકલ અનુભવાય તેવું વર્તન. જસુબેન શૂરવીર છતાં ઋજુ હૃદયી તો સૌને તેમના નિષ્કામ, નિસ્વાર્થ પ્રેમનો અનુભવ થતો. અંતર ખોલવાનું મન થઈ જાય. અરે ! ખુલી જ જાય. કોઈ આગ્રહ નહીં. કોઈનાય દોષ દેખાય જ નહીં. પ્રભુના કર્તાહર્તાપણાનો અને સામર્થીનો જ સ્વીકાર. જેથી પ્રત્યેક પળે સામું ચૈતન્ય પ્રભુ નિયંત્રિત જ વર્તે છે તેવું મનાય અને જ્યાં એવું કાંઈ લાગે કે મારે આમાં પ્રાર્થનાની જરૂર છે તો દિવસ – રાત જોયા વગર ભજન પ્રાર્થના કરતાં. ના વ્યાકુળતા ના રઘવાટ. 'જસુબા એટલે જસુબા' તે સાથે જ છે, રક્ષામાં જ છે તેવી અનુભૂતિ આજે પણ આશ્રિત ભક્તોને કરાવે છે.

સ્વરૂપોનું પણ એટલું જ માહાત્મ્ય, આ બધા સ્વરૂપોને પ્રત્યક્ષ ગુરુહરિ પોતાની સાથે જ લાવ્યા છે. તેમને ઓળખી લ્યો ને મહિમા સમજી સેવી લ્યો. આ દેહ છતાં જ મળ્યા છે તો તેમની રુચિમાં ભળી, પ્રાપ્તિ કરી લ્યો !! આમ અંતરના ઊંડાણથી મહિમા ગાઈ આપણને સાચા રસ્તે મૂક્યા છે.

ગુરુહરિ પપ્પાજીના પ્રત્યેક લીલા ચરિત્રોને વારંવાર સંભારે, વારંવાર પત્રો ને લેખને વાંચી આનંદે કે ખરા પપ્પાજી ખરા ! આ પ્રાપ્તિ થઈ ! કેવાં અહોભાગ્ય ! તે માણતા અને આશ્રિત ભક્તોને સમજાવતા. 'આવી તક તો આવે ન ફરી, પ્રત્યક્ષ પ્રભુએ કૃપા કરી...' એ સુખ અંતરથી માણતા અને આ કૃપાનીરમાં ભીંજાવા ને આંતરિક આધ્યાત્મિક સુખની શીતળતા અનુભવવા સૌને અપીલ કરતા કે, 'પ્રભુની મૂર્તિ ધારતા થઈ જ જાવ. સેવા, પ્રેમ અને પ્રાર્થનાને જીવનું જીવન બનાવો. પ્રભુ તમારી રુચિ, અભીપ્સા જોઈને તમને વરણીય થઈ જશે.' આમ ચૈતન્યમાં ઉત્સાહ જગાડતા.

મૂંઝવણમાંથી બહાર લાવવા માટેની તેમની રીત પણ અનોખી. પ્રભુના માથે જ પડો. સકારાત્મક વલણ

કેળવો તો પ્રભુ જ પરીક્ષામાં પાસ કરી જ દેશે.

આમ જે કોઈ તેમના દ્વારા સત્સંગના રંગે રંગાયા તેઓને પ્રભુમય જીવતા કર્યા. સેવાનો મહિમા સમજાવી, સેવાના મીઠા ફળ ચખાડ્યા અને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો જ છે તેવી ધખણા જગાડી.

ધન્ય છે આવા ગુરુહરિ પપ્પાજીમહારાજનું કાર્ય બની, ગુણાતીતભાવમાં વર્તીને આદર્શ પૂરો પાડનાર પ.પૂ.જસુબાને ! કોટિ વંદન અને અંતરની અમારી અભ્યર્થના કે પળેપળ અમારા વિચાર, વાણી, વર્તન પ્રભુની પ્રસન્નતા અર્થે જ હોય તેવા બળ, બુદ્ધિ, પ્રેરણા અર્પો.

## પરમની આરાધના

### ૨૪૯. નિત્ય નવીનતા

ખરેખર આપણે એટલા નસીબદાર છીએ કે ગૃહી–ત્યાગી સૌ પર પપ્પાજીની અપાર કૃપા વરસી રહી છે. આપણે ક્યાં, ક્યારે અને કેવી પ્રાર્થના કરવાની એ પણ પપ્પાજી શીખવે છે અને બ્રહ્માનંદ કરાવી શિબિર યોજી જીવન જીવવાની સૂઝ પણ આપે છે.

૧૯૮૧ની ૧૫મી ઓગષ્ટ – રક્ષાબંધનના દિવસે સવારે પપ્પાજીએ સદ્‌ગુરુ A મંડળના સ્વરૂપોને અને આવેલ મંડળધારી ચૈતન્ય માધ્યમ સ્વરૂપોને રાખડી બાંધી. પછી બહેનો માટે રાખડી પ્રસાદીની કરતા કહે, આ રાખડી બાના અમૃત પર્વ સુધી પૂજામાં મૂકવી. ને પૂજા કરતી વખતે રાખડી હાથમાં પકડી સંકલ્પ કરવો કે, 'હે મહારાજ ! આખો દિવસ મારા ગુરુજી મારી રક્ષા કરે અને હું એ ઝીલું. આખો દિવસ જીવનમંત્ર પ્રમાણે સામે આવનાર જીવનમુક્ત મનાય તેની જાગ્રતતા અને જાણપણું આપજો. જ્યાં જે વસ્તુ મને જીવનમુક્ત નથી માનવા દેતી એનાથી મારી રક્ષા કરજો.'

### ૨૫૦. બાના અમૃતપર્વે અદ્‌ભુત લીલા

સોનાબાના વાત્સલ્યમાં ભીંજાઈ સાહેબ અને ભાઈઓએ ગુણાતીતભાવને પામવાની સાધના આનંદપૂર્વક સિદ્ધ કરી, અનેકને આ માર્ગે દોરી રહ્યા હતા. સાહેબની માહાત્મ્યસભર હૂંફથી નવા સાધકોનો સમૂહ વધતો ગયો. એ જોઈ પપ્પાજીને થયું કે બધા ભાઈઓ સાહેબના સાંનિધ્યે એક સાથે રહી આનંદથી સાધના કરે, એ માટે નજીકમાં જગ્યા લઈએ. આ વાત સાહેબને કરી. પછી પપ્પાજીએ રતિભાઈ અને વિઠ્ઠલદાસને (પ્રેસ) મોગરી તરફ હાથનો ઈશારો કરી જગ્યા શોધવાનું કહ્યું. પપ્પાજીના આશીર્વાદથી ૧૯૭૭માં મોગરી મુકામે ભાઈઓના રહેઠાણ માટે મોટી જગ્યા મળી ગઈ. ૧૯૮૧માં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી પર્વે દીદીએ આ પુણ્યકારી સ્થાનનું 'બ્રહ્મજ્યોતિ' નામ આપ્યું ને માહાત્મ્ય સમજાવતા કહ્યું કે, 'આ એક આધ્યાત્મિક સ્થાન છે. અહીંથી પપ્પાજી કહે છે એમ સાહેબ અને ભાઈઓના સંબંધમાં અનેક ચૈતન્યો આવશે એને પ્રાપ્તિ થવાની છે. એ પ્રાપ્તિ બ્રહ્મ થકી જ થાય. એ ગુણાતીત પરંપરાનો વારસો ચાલુ રહેશે ને બ્રહ્મની જ્યોત ઝળહળતી રહેશે. એટલે 'બ્રહ્મજ્યોતિ' નામ આપ્યું છે.'

આ ભૂમિ પર ભાઈઓનું રહેઠાણ, મંદિર બને તે પહેલાં સીઝન પ્રમાણે અનાજની અને શાકભાજીની વાવણી કરતા. બહેનો શાકભાજી તોડવાની સેવા માટે જતાં. રમતગમત ને આનંદબ્રહ્મ કરવા પણ અવારનવાર જતાં. અનેક મોટી મોટી શિબિરો કરી છે. ઉનાળાના વેકેશનમાં જ્યોતમાં શિબિર કરીએ ત્યારે નાના બાળકોથી માંડીને ભાભીઓની રમતગમતનું અહીં આયોજન કરી બ્રહ્માનંદ કર્યો છે. એવું જ ભાઈઓની શિબિર થાય ત્યારે ભાઈઓ તરફથી પણ આવા કાર્યક્રમ કર્યા છે. ગુણાતીત સમાજના મુક્તોએ ભેગા મળી કેટલાય સમૈયા ઉત્સવની ઉજવણી કરી છે ને બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યા છે.

૧૯૮૧ના નવેમ્બર મહિનામાં બ્રહ્મજ્યોતિના આ પ્રસાદી ધામમાં બાના અમૃતપર્વની ઉજવણીનું નક્કી કર્યું. એ વખતે ઉત્સવની તૈયારી પ્રસંગે પહેલા પપ્પાજીએ સાધકોની તેમજ નિષ્ઠાવાન ભક્તોની સમતા, સાધુતા, નિર્દોષભાવ અને ઐક્યતાનું દર્શન કરાવી અદ્‌ભુત લીલા કરી એ સ્મૃતિ માણીએ...

વિ.સં.૨૦૩૭ની કારતક સુદ પાંચમ થી સુદ દસમ એટલે ૧૯૮૧, નવેમ્બરની બીજી તારીખથી સાતમી

સુધી 'માહાત્મ્ય સ્વરૂપ દર્શન' શિબિરના આયોજન સાથે સોનાબાના અમૃત મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ હતો. અગાઉ દોઢ બે મહિનાથી આ શિબિર અને સમૈયાની તૈયારી શરૂ થઈ ગઈ હતી. ગુણાતીત સમાજની ચારે પાંખના મુક્તો અનેરા ઉત્સાહથી સેવાના શ્રમયજ્ઞમાં આનંદપૂર્વક જોડાતા. બ્રહ્મજ્યોતિના આખાય કેમ્પસમાં સમૈયા નિમિત્તે ખેતરો સાફ થયા ને ત્યાં ભોજનશાળા, ઉતારા અને સભામંડપના તંબુ તણાયા. નજીકના ઉતારા સાફ કર્યા. બાળકો માટે બાળઉદ્યાન તૈયાર કર્યું. આજુબાજુની જમીનમાં ફૂલછોડના આરોપણ કરી આખું કેમ્પસ સુશોભિત કર્યું. દીદીએ સાંસ્કૃતિક કાર્યક્રમ તૈયાર કર્યો.

સોનાબા અમૃત મહોત્સવ સમિતિ તરફથી ભાઈઓ અને બહેનોએ મળીને ત્રણ પુસ્તકોનો સંપૂટ તૈયાર કર્યો. દીદી, હેમાબેન ભટ્ટ, શાંતિભાઈ અને અશ્વિનભાઈના માહાત્મ્યભર્યા સાથથી શ્રી નાનુભાઈ દવેએ વાત્સલ્યમૂર્તિ દિવ્ય બાના જીવનદર્શનનું લેખન કરી 'સૌના બા' પુસ્તક તૈયાર કર્યુ. સાધકોના ને ભક્તોના અનુભવોનું 'હું ને બા' અને બાની કથાવાર્તા, ભજનો તથા દિનચર્યાનું સંકલન કરી 'વહાલા બા' પુસ્તક તૈયાર થયા.

'સોનામૃત' નામે ગેસ્ટહાઉસ તૈયાર થયું હતું તેનું ૨૫ ઑક્ટોબરે રતિભાઈના હસ્તે ઉદ્‌ઘાટન કર્યું ને સાડા દસથી સાડા અગિયાર કલ્પુબેન દવેએ મહાપૂજા કરી. ૨૯ ઑક્ટોબરે સાહેબના હસ્તે રજીસ્ટ્રેશન ઑફિસનું ઉદ્‌ઘાટન કર્યું.

દેશ – પરદેશથી મુક્તો પધારતા ગયા ને તેઓનો ઉત્સાહ જોઈને મેઘરાજાએ પણ એવા જ અનેરા ઉત્સાહ સાથે વરસવાનું ચાલુ કર્યું ને એવા વરસ્યા... એવા વરસ્યા કે બબ્બે મહિનાથી રાત દિવસ જોયા વગર જે સેવાયજ્ઞ માંડ્યો હતો તે બધું જ ધોઈને જમીનદોસ્ત કરી દીધું. બ્રહ્મજ્યોતિ મહોત્સવના રસ્તાઓ અને જમીન પાણી પાણી થઈ ગયા. શિબિર, સમૈયો થશે કે નહીં એવી પળ આવી ગઈ ને પપ્પાજી શાંતિથી નિહાળતા હતા. એમનો જ સંકલ્પ હતો કે મહારાજની દ્વિશતાબ્દી વર્ષ ચાલે છે તો બાના અમૃતપર્વ સુધીમાં સૌ મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જવા અસમર્થ બની જાય તેવા થવું છે. અને ખરેખર એમના સંકલ્પે પ્રભુની આ લીલામાં કોઈનેય મનુષ્યભાવનો વિચાર ન આવ્યો કે આ સમૈયો કરવો છે. બધું તૈયાર થવા આવ્યું ને ભગવાન તમે શું કર્યુ !! આ બધું ભોંયભેગું થઈ ગયું !! અનરાધાર વરસતો વરસાદ જોઈ નક્કી કર્યું કે આપણે બધે જણાવી દઈએ કે શિબિર સમૈયો કેન્સલ છે. ટેલીફોનથી બધે જ સંદેશા પહોંચી ગયા પણ જ્યાં ટેલીફોનની વ્યવસ્થા નહોતી તેવા દૂરના અને નજીકના ગામે સંદેશા પહોંચ્યા નહોતા. તેથી ત્યાંથી ૨૦૦-૩૦૦ જેટલા ભક્તો આવી ગયા. તેઓ માટે જ્યોત મંદિરમાં શિબિરનું આયોજન કર્યું.

પપ્પાજીની કૃપા ભક્તો પર અને મેઘરાજા પર અનરાધાર વરસી હતી. આમ તો મુક્તોને તૈયાર કરનાર એ જ હતા અને નિર્દોષભાવ, દિવ્યભાવ રાખવારૂપી માહાત્મ્યજ્ઞાનનું સિંચન કરાવી રહ્યા હતા. એટલે સૌ પ્રભુની લીલાનું દર્શન કરી પ્રભુની કસોટીમાંથી પાસ થઈ રહ્યા હતા. ૩જીએ મેઘરાજાએ પણ ધીરે ધીરે વરસવાનું બંધ કર્યું. ૪થીની સવારે આકાશ એકદમ ચોખ્ખું હતું. પપ્પાજીની અંતર્ગત રુચિ જોઈ સાહેબ કહે, 'આપણે તો બાનો અમૃતપર્વ ઉજવવો છે.' ને બે દિવસમાં જ હોલાઉપાડ કરી બધા જ વિભાગો પાછા તૈયાર કરી રહ્યા હતા. એ જોઈ પપ્પાજીએ આશિષ આપ્યા :'જાઓ, એક યુવક ૭૦નું કાર્ય કરશે.' તે ચરિતાર્થ થયું અને ૬ઠ્ઠીએ સવારે બ્રહ્મજ્યોતિનું આખુ કેમ્પસ ધજાપતાકા અને ભજનોના સૂરોથી ગૂંજી ઉઠ્યું. પધારેલ હરિભક્તોએ શિબિરાર્થી બની સેવા અને સમૈયાનો લાભ લીધો. પપ્પાજી એટલા બધા પ્રસન્ન થઈ ગયા ને સહજતાથી આશીર્વાદ વરસી ગયા કે, 'બાની જેમ આખોય સમાજ આજે જેવો દિવ્યભાવ રાખીને પ્રભુની લીલાના દર્શન કર્યા, સંપ, સુહૃદભાવ એકતા રાખી મંડી પડ્યા એવું સહજ લીલાનું દર્શન કર્યા કરો અને આનંદપૂર્વક જીવો એવી બાના અમૃતપર્વે પ્રાર્થના ને મારા આશીર્વાદ.'

## સત્સંગ સમાચાર
## દીપોત્સવી પર્વોની ઉજવણી...

સ્વામિનારાયણ ભગવાન અને ગુરુહરિ પપ્પાજીમહારાજની કૃપાથી એવા એકાંતિક હરિભક્તો તૈયાર થયાં. એવા હરિભક્તો દીપોત્સવી પર્વોએ પ્રત્યક્ષનો લાભ લેવા ગુણાતીત જ્યોતમાં પધાર્યા. અરસપરસ દર્શન કરી સૌ દિવ્ય આનંદમાં મશગુલ હતા.

પ્રભુકૃપા તીર્થધામ, ગુણાતીત તીર્થ, ગુણાતીત જ્યોત, મંદિર, બ્રહ્મવિહારની અક્ષરદેરી દિવ્ય પ્રકાશે ઝળહળી રહી હતી. પ્રભુકૃપા તીર્થધામના મધ્ય મંદિરના ઠાકોરજી જરકસી જામા પહેરી ભક્તોના ભાવ ગ્રહણ કરી, દર્શન આશિષ વહાવી રહ્યાં હતા. પ્રભુકૃપા તીર્થધામના સર્વ કક્ષમાં પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજીમહારાજની પ્રત્યક્ષ અનુભૂતિ માણી સૌ પ્રાર્થના ધરી રહ્યા હતા. એવી શુભ દિવાળી એકાદશીના પ્રારંભે અંતરનો એક સંકલ્પ કે અમારા વિચાર, વાણી, વર્તન પ્રભુમય રહે તેવી યાચના સૌએ ધરી.

### તા.૧૮.૧૦.૨૦૨૫ : ધનતેરશ

આવાહ્ન શ્લોકથી આજની સવારની મંગલસભા શરૂ થઈ. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ તેમ જ સ્વરૂપોના પુષ્પહાર અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા.

પૂ.હર્ષાબેને નવેમ્બર માસમાં આવતા ઉત્સવોમાં ગુરુહરિ પપ્પાજીમહારાજના ૧૧૦મા પ્રાગટ્ય પ્રારંભ અને પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેનના ૯૦મા પ્રાગટ્ય પ્રારંભ પર્વની ઉજવણીના આમંત્રણ કાર્ડનું વાંચન કર્યું. ખૂબ સુંદર આમંત્રણ કાર્ડના સૌએ દર્શન કર્યા...

આપણી સ્થાવર ને જંગમ મૂડી સાથે સંકલ્પરૂપી ધનની શુદ્ધિ અર્થે ધનતેરશની મહાપૂજા વર્ષોવર્ષ થાય છે તે આજના દિને મહાપૂજા કરી. મહાપૂજા વિધિમાં ધન પ્રક્ષાલન, મંત્ર પુષ્પાંજલિ, થાળ આરતી કર્યા. ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજીમહારાજે ધ્વનિમુદ્રિત સંકલ્પ કરાવ્યો. સૌએ પોતાના સંકલ્પરૂપી ધનનું સમર્પણ કરવાના ભાવથી મનમુખી મૂકી ગુરુમુખી જીવન જીવવાનો સંકલ્પ કર્યો ને તેની સિદ્ધિ અર્થે ધૂન કરી.

આપણા સૌ સ્વરૂપો આપણું જીવનધન છે. તેમના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન કરી.

ત્યારબાદ સ્વરૂપોના આશિષ લીધા તેનું સારરૂપે મનન કરીએ.

**પૂ.ભાવનાબેન શેઠ :** ગુરુહરિ પપ્પાજીમહારાજે લૌકિક પર્વોને આધ્યાત્મિકરૂપ આપી આપણને દિવ્ય આનંદ માણતા કર્યા છે. આપણે ગૃહી હોઈએ કે ત્યાગી ભગવાન રાખીએ એ અમૂલ્ય નાણું છે. પપ્પાજી કહેતાં કે સ્ત્રી, સોનુ ને ધન બંધનરૂપ છે. તેની પાછળ બધા ઉદ્યમ કરે છે. તેમાં આગળ વધીએ. પ્રભુમાં બંધન થાય તેવું જીવીએ. આપણે ત્યાગ, વૈરાગ્યયુક્ત જીવીએ તે દિવ્ય ધન પપ્પાજીને જોઈએ છે. સંકલ્પરૂપી ધનની શુદ્ધિ જોઈએ છે તે આપીએ. પપ્પાજી ને બધા જ સ્વરૂપો અમને ખૂબ બળ આપજો જેથી સંકલ્પમાં અમારી વૃત્તિની ભેળસેળ ના થાય. અમે સૌ પ્રભુનો પ્રકાશ બનીને જીવીએ. પપ્પાજીને ધારીને જીવવા પ્રયત્ન કરીશું તો આપમેળે બધું ખેંચાતું આવી મળશે. તેવું અમે સહજ જીવીએ તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજે દીપોત્સવી તહેવારોનો ધનતેરસનો દિન. આપણા પૂર્વજોએ જોયું કે દિવાળી પછી નવા વર્ષમાં ખર્ચા કરવા ધન જોઈશે તો પહેલાં ધનની પૂજા કરી લઈએ. તો બધું દિવ્ય બને. આજે આપણે ધનતેરસની મહાપૂજા કરી.

આપણું ધ્યેય ગુણાતીતભાવને પામવાનું છે. પપ્પાજીનો સંકલ્પ છે કે એકાંતિકપણું સિદ્ધ કરી લ્યો. તો તે સિદ્ધ કરીને પામી જવું છે. તે આપવા બેઠા છે. વચન પાળીએ તો આશીર્વાદ મળે. આશીર્વાદ એટલે તેમની પ્રસન્નતા. કોઈના વિશે ઘસારો નહીં એવી પ્રાપ્તિ કરવી છે. આપણે પ્રભુને અખંડ રાખવા છે. તેમને અખંડ રાખવા આપણે પોઝીટીવ રહીએ ને પામી જઈએ. આપણે આપણને સુખિયા કરી દઈએ એવું પોતે જ કરવું છે હં.

સહજાનંદસ્વામી મહારાજની જય. ગુરુહરિ પપ્પાજીમહારાજની જય.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** આજે ધનતેરશ. મનમુખી સંકલ્પ છોડી સત્ય સંકલ્પરૂપી ધન પ્રાપ્ત કરીએ ને અશુભ સંકલ્પ બધા ધોઈ કાઢીએ.

આખી દુનિયા ધન પર ચાલી રહી છે. બધાયને ધનની જરૂર છે. તેને નિર્ગુણ બનાવવું છે. આપણે ગુણાતીતને સમર્પિત થઈ ગયા. ગુરુમુખી ઠરાવરહિત જીવવું છે. 'તારા થઈ તારી રીતે કરીએ તારા કામ...' આવું જીવીએ તો વૃત્તિઓના સંકલ્પ ગુરુના આશિષથી ધોવાઈ જાય. ને સત્ય સંકલ્પ, ગુરુમુખી વિચાર, વાણી, વર્તન કરતાં થઈ જઈએ. સહજ અવસ્થામાં જીવવું છે. આજે નક્કી જ કરીએ કે વિષયના સંકલ્પને ભજનથી બ્રહ્મયજ્ઞમાં હોમી દઈએ. ને ગુરુના સંકલ્પે જીવીએ. તેવું ધન ધોવું છે. બસ આવો નિશ્ચય કરી ઠરાવરહિત જીવતાં થઈ જઈએ. સહજાનંદસ્વામી મહારાજની જય.

ત્યારબાદ 'તારા થઈ તારી રીતે કરીએ તારા કામ...' એ ભજન પપ્પાજીની સ્મૃતિ સાથે ગાયું. ને દીદીની આજ્ઞાથી પૂ.ઈલાબેન વાઘેલાએ 'અંતરનો પોકાર સુન...' ભજન ગાયા બાદ આજની ધનપૂજાની સભાનું સમાપન કર્યું.

**તા.૨૦.૧૦.૨૦૨૫ : દીપાવલી – શારદાપૂજન**

પ.પૂ.દીદી અને સ્વરૂપોના સાંનિધ્યે સાંજે ૪:૩૦ થી ૭ શારદાપૂજનની મહાપૂજા થઈ. જેમાં ૨૫ યજમાનોએ ભક્તિ અદા કરી. પૂ.ઈલેશભાઈ, પૂ.હેમંતભાઈ પૂ.હરીશભાઈ ઠક્કર, પૂ.બેચરભાઈએ વિધિસર શારદાપૂજનની મહાપૂજા કરી. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ તેમ જ સ્વરૂપોના પુષ્પહાર, પુષ્પગુચ્છથી સ્વાગત કર્યાં. ગુણાતીત પ્રકાશના વ્રતધારી ભાઈઓએ યજમાનોનું પૂજન કર્યું, નાડાછડી બાંધી.

મહાપૂજા વિધિમાં યજમાનોએ પૂજાના આશિષપત્રો પર નાગરવેલના પાન, સોપારી, ફળો પધરાવી કંકુના છાંટણા કર્યાં. પ.પૂ.પદુબેન, પૂ.મધુબેન, પૂ.માયાબેને વહીઓ પર ધનવર્ષા કરી. પૂ.દયાબેન, પૂ.શોભનાબેન, પૂ.હંસાબેન ગુણાતીતે વહીઓ પર પુષ્પવૃષ્ટિ કરી. ત્યારબાદ થાળ, આરતી ને સંકલ્પ વાંચન કર્યાં.

મહાપૂજા બાદ સંવત ૨૦૮૨ના કેલેન્ડરનું અનાવરણ પ.પૂ.દીદીના હસ્તે પૂ.રેખાબેન સભાણીએ કરાવ્યું.

ત્યારબાદ ગુરુહરિ પપ્પાજીમહારાજના અને પ.પૂ.દીદીના આશિષ લીધા તેના સારનો સ્વાધ્યાય કરી લઈએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** અમારા પ્રભુકૃપા મંડળ તરફથી આપ સૌને અમારા જય સ્વામિનારાયણ.

આપણે ગઈકાલે ધનની પૂજા કરી. ધન એ એક સુખનું પ્રતીક છે. આપણે તો મનમુખી સંકલ્પ એ ધન છે. આપણે શુભ સંકલ્પ કરવા. જે કંઈ ધન વાપરીએ તે પ્રભુના ટ્રસ્ટી તરીકે વાપરીએ. જોગીબાપા કહેતાં કે અમારે અર્થે વાપરે એ સમર્પણ કહેવાય. ઘર રાખો, મોટર રાખો પણ અમે આવીએ ત્યારે અમારા અર્થે કરી દ્યો છો એ સમર્પણ ભાવ. એવું આપણે જીવવું છે. ને સુખિયા થઈ જવું છે.

સહજાનંદસ્વામીમહારાજની જય.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજે દિવાળી, સંવત ૨૦૮૧નો અંતિમ દિવસ. આનંદની વાત તો એ છે કે આપણે આજે છેલ્લા દિવસે સાથે છીએ ને સંવત ૨૦૮૨ના પ્રથમ દિવસે પણ સાથે હોઈશું. તમને બધાને ભાવ નીતરતા નૂતન વર્ષાભિનંદન.

આજે આપણે વહીઓનું પૂજન કર્યું. ધન કેવી રીતે વાપરવું તે પપ્પાજીએ કહ્યું. તમે બધા એવું જીવો છો. તમારા ઘરે અમે આવીએ ત્યારે બધુ અમારા અર્થે કરી દ્યો છો. તમે ઉત્તમ જીવો જ છો. આપણે બધા માહાત્મ્યમાં રહીએ એ આપણું જીવન છે. સાથે સાથે સત્પુરુષના વચનને જીવનમાં મૂકવાનો પ્રયત્ન કરવો. તે બળ દેવા બેઠા જ છે. બળ માંગીએ એટલે આપે જ. મેં ૧૯૫૬માં ભગવાન ભજવાનું નક્કી કર્યું ત્યારે બાબુભાઈએ મને સાધનાની તકલીફો બતાવી. ત્યારે મેં કહ્યું કે તમારા આધારે, તમારા બળે કરીશ. તો પપ્પાજીએ કહ્યું કે મારા બળે મારા આધારે કરાવીશ. એ વાતને ૭૦ વર્ષ થઈ ગયા. કહેવાનું શું કે, આપણે બળ માગ્યા કરવું. તે દેશે જ. અંતરથી તેમનો સાથ

રાખીએ તો સુખિયા થઈ જવાય. તે અંતર્યામી સ્વરૂપે સાથે છે જ. પપ્પાજીએ જ કહ્યું છે કે I am always with you. બસ આપણે સાથે રાખવા.

આજની મહાપૂજા સરસ થઈ. આપણે ઘણો પથ કાપી લીધો છે. થોડું બાકી છે. દિવ્યભાવ રાખીએ તો પૂરું થઈ જશે. પપ્પાજીનું વચન એજ જીવન રાખીશું તો મનને દિવ્યભાવનો વળાંક તે આપી દેશે. દિવ્ય તત્ત્વ ધારણ કરવું જ છે. ગુરુહરિ પપ્પાજીમહારાજની જય. ભગવાન સ્વામિનારાયણની જય.

**તા.૨૨.૧૦.૨૦૨૫ નૂતન વર્ષ સંવત ૨૦૮૨ અને ભાઈબીજની સભા**

નવા વર્ષના શુભારંભે જ્યોતમાં ગુરુહરિ પપ્પાજીમહારાજની સ્મૃતિસહ મહિમા ભજનથી મંગલ પ્રભાત માણી.

સર્વ ભાઈઓ, બહેનો અને હરિભક્તોએ પ્રભુકૃપા તીર્થધામમાં ગુરુહરિ પપ્પાજીમહારાજના દર્શન કરી આખું વર્ષ આજના નવલા વર્ષ જેવો આનંદ રહે તેવી પોત પોતાની પ્રાર્થનાઓ ધરી.

ત્યારબાદ સવારે ૬:૩૦ વાગ્યે જ્યોત **મંદિરના પાટોત્સવ નિમિત્તે** પૂજન, અર્ચન ને આરતી કર્યા. **પ.પૂ.દીદીએ આશિષ આપ્યા કે,** આજે સંવત ૨૦૮૧ પૂરી થઈ ને ૨૦૮૨ શરૂ થઈ ગઈ. આજે બેસતું વર્ષ. આપણે બધાને નૂતન વર્ષાભિનંદન, સાલમુબારક કહીને સ્નેહથી આવકારીએ છીએ. આનંદ, હરખ થાય છે. રોજ આ આનંદ રાખવો છે. આપણે આ વર્ષે એવું રાખવું છે કે જ્યારે ઘરના મુક્તોને, ભક્તોને જોઈએ ત્યારે અંતરથી હરખાઈએ. આ મારા ભગવાનના ભક્તો છે ! બધાની પ્રકૃતિ સરખી હોતી નથી. બે સગી બહેનોની પ્રકૃતિ પણ જુદી હોય. જ્યોતિબેન – તારાબેન બંનેની પ્રકૃતિ અલગ પણ અરસપરસ પ્રભુનો સંબંધ જોયો તો સુખિયા થઈ ગયા. પ્રભુધારક થઈ ગયા. બંને બહેનોએ પ્રભુનું કામ કર્યું. તે શાશ્વત થઈ ગયું. એમ પ્રકૃતિની ભિન્નતા સ્વાભાવિક છે. મતભેદ થાય પણ મનભેદ નહીં રાખવાનો. આ વર્ષ આવું નક્કી કરીને જીવવું છે. ગઈકાલે જે કંઈ થયું તે વાસી થઈ ગયું... એમ ભૂલી જવું. બસ, મારા પપ્પાજીનો સંબંધ છે ને. એટલે એ નિર્દોષ છે એવું માનીએ. કારણ સૌમાં કર્તાહર્તા આપણા પપ્પાજીમહારાજ છે. કંઈપણ બને તો પ્રાર્થના, ભજન, સમાગમ કરીને બહાર નીકળી જઈએ તો સુખ આવશે. આપણે રોજ નવું જીવન. જૂનું વાગોળીએ નહીં. ભગવાન મળ્યા! બસ આનંદ આનંદ. ચીજ–વસ્તુ પદાર્થથી આનંદ થાય છે તે ટકતા નથી. પણ માહાત્મ્યથી જે કરીએ છીએ તે આપણો કાયમી પોતાનો આનંદ બની જાય છે. તો આપણે ૧લી નવેમ્બરના પપ્પાજીનો ઉત્સવ ઉજવવાના છીએ. ૧૦ દિવસ બાકી છે. તો મનની તૈયારી કરી દઈએ. કોઈના વિશે ઓરોભાવ રહેવો ના જોઈએ. આપણને સ્વામિનારાયણ ભગવાન અને ગુરુહરિ પપ્પાજીમહારાજ ખૂબ બળ આપે. આપણે બધામાંથી પસાર થઈએ ને બળમાં રહીએ ને પપ્પાજી પણ આપણી સામે પ્રસન્નતાથી જોતા હોય તેવો અનુભવ કરવો છે. બધાને પોઝીટીવ અનુભવ થશે જ. આપ સૌને નવા વર્ષના જય સ્વામિનારાયણ.

ત્યારબાદ **નૂતનવર્ષ અને ભાઈબીજની સભા** સવારે ૮ થી ૧૦:૩૦ પપ્પાજી હોલમાં કરી.

ગુરુહરિ પપ્પાજીમહારાજની સ્મૃતિ સાથે આવાહ્ન શ્લોક, 'ઉગતી પ્રભાએ...' ભજન અને ૧૦ મિનિટ ધ્યાન કર્યું.

ત્યારબાદ ભાઈબીજની સભાનું સંચાલન કરતાં પૂ.ડૉ.નીલમબેને ભાઈઓની સેવાને બિરદાવી મહિમામાં રત કર્યા. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ અને સ્વરૂપોને પુષ્પહાર ને પુષ્પગુચ્છ અર્પણ કર્યા. ત્યારબાદ મહિમાગાન થયા તેના સારનું મનન કરીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** અમારા પીંક મંડળ તરફથી જ્યોતના સર્વ અક્ષરમુક્તોને, ગુણાતીત સમાજને ઝાઝા કરીને જય સ્વામિનારાયણ. આજે ઉલ્લાસ આનંદ છે તેવો સદાય રહે.

શ્રીજી મહારાજ લખી ગયા છે કે સત્સંગીને તો રોજ એકાદશી ને નૂતન વર્ષ. સત્સંગી થયા, દ્રષ્ટાવાળા થયા, ગુણાતીત સમાજના સભ્ય થયા. એટલે આપણે કોક ને કોક એકાંતિકના થઈને જીવતા હોઈએ એ એકાદશી.

ઈંદ્રિયો, અંત:કરણ વાપરીએ છીએ. બ્રહ્મયજ્ઞ ને જ્ઞાનયજ્ઞ બેય કરીએ છીએ. રોજ પ્રાર્થના કરીએ છીએ– આ પળ તારામાં ખોવાયેલી રહે. એવી પળ ૨૪ કલાકની થઈ જાય તો અક્ષરધામનું સુખ રહ્યા જ કરે. ઈંદ્રિયો, અંત:કરણ વાપરવાના છે. પણ કેવી રીતે વાપરો છો તે જોવાનું. પ્રાપ્તિ તો થઈ ગઈ. ૯૯% કામ તો થઈ ગયું છે. હવે આપણે રુચિ રાખવાની છે.

જોગીમહારાજનો સંકલ્પ કામ કરે છે, બળ એ આપે છે. અક્ષરધામના કાયદે જીવતા થવાનું છે. ધામ, ધામી ને મુક્તો કેવળ દિવ્ય ને નિર્દોષ. એના થઈને જીવીએ. કેટલું સરળ કરી નાખ્યું ! હવે સહેજ રુચિ ને સુહૃદભાવ રાખીએ તો નિરંતર અક્ષરધામની સમાધિનું સુખ આવે જ. એવા હેવા પડી જ જાય.

આખો ગુણાતીત સમાજ એક અક્ષરધામનો સમાજ છે. ચાર પાંખાળો મહામાનવનો સમાજ છે. આપણે બ્રહ્મનિયંત્રિત વર્તીએ છીએ. આપણને જે નેતાઓ આપ્યા છે, જે એકાંતિકોમાં જોડાયા છીએ તેને બ્રહ્મનું દર્શન છે. એ કહે તેમ બે હાથ જોડીને કરી લઈએ. આપણે છે.૧૧, મ.૬૩ વચનામૃત પ્રમાણે માહાત્મ્યેયુક્ત સેવા કરીએ છીએ. જ્ઞાનની કમી નથી. હવે સહેજ રુચિ રાખીને, જાગ્રતતા રાખીને વર્તવા મંડીએ. ગાફલાઈ છોડી દઈએ. બધાયને એવો બુદ્ધિયોગ આપે જેથી અક્ષરધામનું સુખ સહજ જ ભોગવતા થઈએ તેવી પ્રાર્થના ને આશીર્વાદ.

ત્યારબાદ ભાઈબીજની સભા શરૂ કરી. વડીલ ભાઈઓ સ્ટેજ પર પધાર્યા. ભાઈબીજ નિમિત્તે ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ, સ્વરૂપો, ગુણાતીત પ્રકાશના ભાઈઓ તથા ગૃહસ્થ ભાઈ–ભાભીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યાં.

**ગુણાતીત પ્રકાશ પૂ.અરવિંદભાઈ :** પપ્પાજી ખૂબ ઉત્સવ પ્રેમી. કોઈપણ ઉત્સવ હોય, પપ્પાજી સવારે વહેલા ઊઠીને આવી જાય. એકદમ તરવરાટ હોય. એજ ગુણ વારસો આ સ્વરૂપોએ રાખ્યો છે. આપણે ૯૦ વર્ષના દીદીનો ઉત્સાહ દરેક સમૈયામાં જોઈએ છીએ.

પપ્પાજીએ કૃપા કરી ગ્રહણ કર્યા. સામે ચાલીને સેવા આપી. હવે તો આનંદ કર્યા સિવાય કાંઈ નથી કરવાનું. દેવીબેને ‘હે હૃદયેશ્વર...’ ભજન રોજ ગાવાની આજ્ઞા આપી હતી. તે વીડિયોમાં પપ્પાજી કહે છે કે, અખંડ કેફ રાખવો કે મારામાં તો ઢગલાબંધ દોષ છે પણ શ્રીજીમહારાજ મારું પૂરું કર્યા વગર છોડવાના નથી. યોગીજીમહારાજ સાક્ષાત પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ એવું પપ્પાજી એકદમ પરભાવમાં બોલે છે.

દીદીએ બે સૂત્ર આપ્યા – કોઈનું જોવું નથી, ખટપટ કરવી નથી. હે દીદી ! તમારી શતાબ્દી વખતે અમને જોઈને તમને પોરહાટ થાય તેવું અમે વર્તીને બતાવીએ તેવી કૃપા કરજો.

**પ.પૂ.શોભનાબેન :** જગતમાં હોત તો બે – ચાર ભાઈઓ સાથે ભાઈબીજ ઉજવત. પણ આટલા બધા ભાઈ–ભાભી, સ્વરૂપોના સાંનિધ્યે આ ભાઈબીજ ઉજવવા મળી ! કેટલા ભાગ્યશાળી ! પપ્પાજીએ કેટલા વર્ષ પહેલા પ્રારંભ કરાવ્યો. શું કરવું શું ન કરવું તે બધું જ્યોતિબેન અને દીદીને કહ્યું ને એ પ્રમાણે તૈયારીઓ કરાવી. એ સ્મૃતિઓ હજુ છે. દેહના જે સંબંધ હોય તેમાં સુખ–દુ:ખ થયા કરતું હોય. તેના બદલે પપ્પાજીએ આપણા અંતરમાં સ્થાન લઈ દિવ્ય બંધનમાં બાંધ્યા. પ્રકાશના ભાઈઓ તો રજની રજ થઈને મંડ્યા છે. ગૃહસ્થો પણ એવા જ મંડ્યા છે. ગુરુના વચને જીવવામાં પરમપદ માન્યું. બહેનોની રીતભાત જોયા વગર, દિવ્યભાવ, પ્રેમભાવ નિત્ય વધારી સેવા કર્યા જ કરે છે. યુકેના હરિભક્તો પણ બેનના વચને કાર્ય કરી રહ્યાં છે. દર વખતે ખેરગામના ભાઈઓ નીચી ટેલની સેવા કરે છે. ભાભીઓ વહેલા ઉઠી સેવામાં પરોવાઈ જાય છે. આવો સમાજ પપ્પાજીએ આપી દીધો ! અમે ખૂબ ભાગ્યશાળી છીએ. જન્મોજન્મ આવા ભાઈ–ભાભીઓની ભેટ આપ્યા કરજો. ને સાથે રાખી પપ્પાજીને એવા ભજી લઈએ કે દીદી રાજી થઈ જાય.

**ગુણાતીત પ્રકાશ પૂ.બાબુકાકા :** વર્ષો પહેલા ભાઈબીજનો સમૈયો બ્રહ્મવિહારમાં કર્યો હતો. તે વખતે બેને આશીર્વાદ આપેલા – ભાઈ આજે બેનના ઘરે જઈ

તેની સુખાકારી માટે મદદ કરે. તો તમે ભાઈઓ બેનોને મદદ કરજો તો સુખિયા થશો. પપ્પાજીએ ૧૯૬૨થી આજ્ઞા કરેલી કે તમારી આવકનો ૧૦મો, ૨૦મો ભાગ બેનો માટે કાઢજો. એ વખતે બધા મુંબઈમાં ચાલીમાં રહેતા હતા. અત્યારે તે બધા સુખિયા થઈ ગયા છે. ગૃહસ્થો તો કાઢે જ છે. અમે વ્રતધારી ભાઈઓ પણ અમારા જીવનનો ભાગ કાઢીએ. મોટા પુરુષ તો ગરજુ થયા જ છે. અમે જાગ્રત રહીએ. પપ્પાજીને ધારીને જીવીએ એ જ પ્રાર્થના છે.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** ન ભૂતો ન ભવિષ્યતિ એવી કૃપા આપણા પર થઈ છે. આજે જેવો આનંદ છે તેવા જ આનંદથી પપ્પાજી, દીદી, દેવીબેનનો સમૈયો આવતા વર્ષે ઉજવીએ. આજે પપ્પાજીએ આશીર્વાદમાં કહ્યું તેમ આપણે ખાલી રુચિ રાખવાની છે. અમે દિલથી માનીએ છીએ કે ગૃહસ્થો જે શ્રદ્ધા, મહિમા, ભક્તિભાવથી સેવા કરે છે તેના માટે ધન્યવાદ શબ્દ ઓછો પડે એવું જીવન છે. પપ્પાજીને આ જ વસ્તુ જોઈએ છે. બાપાના વચને પપ્પાજીએ બહેનોનું કાર્ય શરૂ કર્યું. ત્યારથી પપ્પાજીએ કહ્યું કે, બહેનોની સેવા કરશે એણે કાંઈ નહીં કરવું પડે. એ વાત તમે પચાવી. અત્યારે જે આનંદ ઉત્સાહ છે તે સ્વરૂપોના આશિષનું ફળ છે.

ભગવાન આપણી પરીક્ષા લે ત્યારે પણ આજના દિવસ જેવો આનંદ કરવો. આપણે પ્રેરક, સર્વોપરી, સર્વનિયંતા બોલીએ છીએ તે પ્રેક્ટીકલ માનીએ. એમની પ્રેરણા વગર કોણ કરી શકે ? કોઈના વર્તન, શબ્દોથી સ્પંદન થાય છે તે પપ્પાજી સાથેનું અંતર ટાળવું છે. તેના માટે એક જ કલમ છે કે આપણા ભગવાને જે ધાર્યું હશે તેવું જ સામો વર્તે છે. એ નિષ્ઠા હશે તો આપણો સ્વભાવ હેરાન નહીં કરે.

અલ્પ સંબંધવાળાની થાય તે સેવા કરી લો. અસેવા નહીં જ. જે ચીડ–ગુસ્સો કોઈ પર થાય છે તે અસેવા. એ નિષ્ઠા દ્રઢ કરવી છે. મહિમા સિવાય, કર્તાહર્તા માન્યા સિવાય વિચાર ઊઠે ત્યાં ગરણી રાખીએ. હું પપ્પાજીને શું માનું છું ? એ વ્યાપક છે. મને નથી દેખાતા તે મારી ખામી છે. પપ્પાજીની સર્વોપરી તાકાતનો અનુભવ કરીએ. સર્વોપરી સ્વરૂપનિષ્ઠા દ્રઢ કરવી છે. સર્વોપરી માનીશું તો બધું પાછળ આવશે. માટે આ માનવું જ પડશે. એવી સર્વોપરી નિષ્ઠા સૌને દ્રઢ કરાવી દે તેવો બુદ્ધિયોગ આપે એ જ પ્રાર્થના.

ત્યારબાદ 'રૂડી ભાઈબીજ આવી....' ભજન ગવાયું.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ભગવાને આપણને બધી રીતે સુખ આપ્યું છે. આપણે ભગવાનના છીએ એટલે જે કાંઈ જોઈએ તે ભગવાન પાસે માગવું. મનથી કેવું જીવવું તે પદુબેને વાત કરી. આપણામાં કોઈ દોષ નથી તેમાં તો આપણે આપણને નિર્દોષ જ માનીએ છીએ. સામાનું જ દેખાય છે. જીવનમાં કોઈપણ ધ્યેય સિદ્ધ કરવા હોય તો નિયમ પાળવા પડે. કોઈનું જોવું નથી એવું કહીશું તેથી મન કાંઈ માની નહીં જાય. તે માટે પ્રાર્થના કરવી. કોઈ વાત અઘરી નથી. હઠ, માન, ઈર્ષા ન રાખવા. સંગ ઓળખવો. સ્વામીની ૫મા પ્રકરણની ૧લી વાત. આપણને આપણામાં કોઈ દોષ દેખાય જ નહીં. પણ વફાદારીથી જોવું કે મને આનંદ ક્યારે થાય છે ? કેટલીકવાર આપણને આગળ લેવા જે પાત્ર નક્કી કર્યા હોય એને જોઈને આનંદ થાય છે ? તે નોંધીએ. ભગવાન મળ્યા ! વચન પાળીને આનંદ કરીએ. બીજાના દોષ હું ટાળી ન શકું તો હું જોઉં છું શું કામ ? તેવી કંઈક માનસિક તૈયારી કરવી. આપણે હખણા રહીએ તો ભગવાન પણ રહેશે. એને આપણો વિશ્વાસ, આપણને એનો વિશ્વાસ. ભગવાનને થાય કે, હું ગમે તેટલું લાવીશ તો પણ એ મારું બળ લઈને પસાર થઈ જશે.

આપણને ખબર જ છે કે શું કરવાનું છે. ટાઈમે મળેલું સત્ય વાપરવું તે સૂઝ સમજ આપણામાં આવી જાય તેવી પ્રાર્થના.

સભાના અંતમાં પૂ.ઈલેશભાઈએ 'રૂડો જોગ દીધો આ જોગીએ કેવો...' એ ભજન ગાયું અને સુહૃદધૂન કરી.

ત્યારબાદ જ્યોતમંદિર, પ્રભુકૃપા તીર્થધામ, બ્રહ્મવિહારે અન્નકૂટ ઉત્સવમાં થાળ, આરતી કરી પધારેલા હરિભક્તોએ દર્શનનો લાભ માણ્યો. મહાપ્રસાદ બાદ દીપોત્સવી પર્વોની ઉજવણીનું સમાપન થયું.

## તા.૧.૧૧.૨૦૨૫ : ગુરુહરિ પપ્પાજીમહારાજના 'શાશ્વત સંકલ્પ પર્વ' ૧૧૦મા પ્રાગટ્ય પર્વ પ્રારંભની ઉજવણી...

ગુરુહરિ પપ્પાજીમહારાજ પળેપળ શ્રી યોગીજીમહારાજને અર્થે જીવ્યા. તેમનું વચન એ જ ગીતા એમ માનીને વફાદારીપૂર્ણ વર્ત્યા છે. અખંડ ગુણાતીતભાવમાં જ રહ્યાં છે. પપ્પાજીનું જીવન એ જ સંદેશ બન્યું છે. પોતે યોગીના પ્રકાશ તરીકે વર્ત્યા. દેહ ને આત્મા જ્યાં નોખા અનુભવ્યા ત્યાં તરત જ યોગીને સર્વસ્વ માનીને જીવ્યા. તેમની પ્રસન્નતા એ પ્રવૃત્તિ. એવા ગુણાતીત સ્વરૂપ પપ્પાજી આપણને મળ્યા ને આપણને સંકલ્પે સેવીને શાશ્વત સુખ માણતા કર્યા છે. એવા ગુરુહરિ પપ્પાજીમહારાજનો આપણે ૧૧૦મો પ્રાગટ્ય પ્રારંભ ઉત્સવ ઉજવી શાશ્વત સુખમાં વધારો કરતા રહીએ.

સવારની સભામાં ઉત્સવ પ્રારંભે પંચામૃત હોલમાં સુશોભિત પથ પર ભવ્ય રથમાં બિરાજમાન ગુરુહરિ પપ્પાજીમહારાજનું સ્વાગત નિહાળ્યું. 'બાજે શંખ રૂડા...' ભજન અને દિવ્ય ડંકાના ધ્વનિ સાથે પપ્પાજીમહારાજનો રથ પપ્પાજી ગ્રુપના યુવાનો આગળ ધપાવી રહ્યા હતા. ગુરુહરિ પપ્પાજીમહારાજનો રથ મંચ પાસે આવ્યો ને તેઓને સુંદર આસને બિરાજમાન કર્યા.

ત્યારબાદ ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ લેખિત 'પરમ ગરિમા' સંવાદ અભિનય દ્વારા રજુ કર્યો. તેમાં સૌ પ્રથમ યુવકો, કિશોરો અને બાળ કલાકારોએ 'ગુરુહરિ પપ્પાજી તું તો ધબકે હૃદિયેજી...' એ કીર્તન પર નૃત્યભાવ વ્યક્ત કરી ગુરુહરિ પપ્પાજીમહારાજને ભક્તિભાવ ધર્યા.

ત્યારબાદ આ જ કલાકારોએ 'શાશ્વત સંકલ્પ'ની સમજૂતી આપતો સંવાદ રજૂ કર્યો. બાળવયે પપ્પાજીનો પૃથ્વી પર સ્વર્ગ ઉતારવાનો સંકલ્પ હતો. આપણે બધા જ મુક્તો પપ્પાજીનું કાર્ય છીએ, પપ્પાજીનું ભવિષ્ય છીએ, આશા છીએ એ તેમના સંકલ્પની રજૂઆત કરી.

પ.પૂ.દીદીએ શાશ્વત સંકલ્પ પર્વ નામાભિધાન વિશે જણાવ્યું કે પપ્પાજીનો સંકલ્પ કાયમ ચાલશે. પપ્પાજી હતાં તો પણ, હું છું તો પણ ને તમે હશો તો પણ તેમનો સંકલ્પ ચાલુ જ રહેવાનો છે. એટલે 'શાશ્વત સંકલ્પ પર્વ' નામ રાખ્યું...

શાશ્વત એટલે જે કાયમી છે, નિત્ય છે ને ભૂતકાળમાં, અત્યારે ને ભવિષ્યમાં રહે તે શાશ્વત. પપ્પાજીએ પોતાની સંકલ્પ શક્તિથી અદ્‌ભુત સફળતા મેળવી આધ્યાત્મિક સનાતન સુખ આપ્યું છે.

શાશ્વત સંકલ્પ એટલે
પરમ ભાગવત સંત બને એ.
સ્વભાવરહિત બની અક્ષરધામનું સુખ લે તે.
સમગ્ર ગુણાતીત સમાજ સંપ, સુહૃદભાવ, એકતાથી જીવે એ.
બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી એ પપ્પાજીનો શાશ્વત સંકલ્પ છે. તો આપણે સૌ તન, મન, આત્માથી પ્રાણ પરોવીને તેમના સંકલ્પને સાકાર કરીએ તે ભાવના આ સંવાદમાં રજૂ કરી.

ત્યાર બાદ 'શાશ્વત સંકલ્પ પર્વ'ના સ્મૃતિ ચિહ્નનું ઉદ્‌ઘાટન કર્યું તેનું દ્રશ્ય શ્રાવ્ય દર્શન કર્યું.

ત્યાર બાદ સ્વરૂપો મંચ પર આસનસ્થ થયા. આવાહન શ્લોકથી સભાનો પ્રારંભ થયો. શ્રી ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજીમહારાજને, સ્વરૂપાને હાર અર્પણ કર્યા. સાથે સાથે ગુણાતીત સમાજના કેન્દ્રો અને ભક્તો તરફથી ભાવાર્પણ થયા.

આજની સભાનું સંચાલન કરતાં ગુણાતીત પ્રકાશ પૂ.હેમંતભાઈ મોદીએ શાશ્વત સંકલ્પ વિશે ઐતિહાસિક ઘટના સાથે પપ્પાજીના સંકલ્પોનું દર્શન કરાવ્યું કે, ગુરુહરિ પપ્પાજીમહારાજનું અવતરણ અનેક જીવોના કલ્યાણ અર્થે જ હતું. તેઓએ પોતાની સંકલ્પ શક્તિથી સૌને અક્ષરધામનું સુખ લેતાં કર્યા છે.

ઈ.સ.૧૯૬૩માં ગણેશપુરીમાં શિબિર કરેલી. તેમાં ૧૦૦ મુક્તો હતાં. તેમાં આબાલવૃદ્ધ હરિભક્તો ને ત્યાગી બહેનો હતાં. ત્યારે નાના બાળકોમાં પપ્પાજીએ રસ લઈ, તેમની સાથે તેમના જેવા થયા. તો આજે તેમાના લગભગ બધા જ બાળકો, સંત બહેનો ને સંત

ભાઈઓ છે. ને ગૃહસ્થોને પણ એકાંતિક બનાવ્યા. એ પપ્પાજીના સંકલ્પમાં કેટલી જબરજસ્ત તાકાત હતી તેનું દર્શન થાય છે. ૧૯મી નવેમ્બરના ભગવાન ભજતાં ૨૭ બહેનોને સંકલ્પ કરાવેલો. જે આપણે સંકલ્પ સ્મૃતિદિન તરીકે ઉજવીએ છીએ.

ત્યાર પછી ઈ.સ.૧૯૬૫માં વરસોવામાં શિબિર કરી તેમાં ૨૦૦ મુક્તો હતા. ૧૯૬૩માં શ્રી યોગીજીમહારાજે બહેનાના કાર્ડના ઉત્તરરૂપે આશીર્વાદ આપેલા કે, મહારાજ એકાંતિક ધર્મ સિદ્ધ કરાવશે. ને પાંચ વચનામૃત આપ્યા : ગ.પ્ર.૨૩, ગ.મ.૩૦-૪૫ ને અમદાવાદનું રજું-ઉજું. તેની સમજૂતીના ઉદ્દેશથી આ જ્ઞાનશિબિર કરેલી. તેમાં દીદી પાસે એક ડાયરી આવેલી તે તેઓએ પપ્પાજીની પૂજામાં મૂકેલી. તેમાં પપ્પાજીએ લેખ લખ્યો ને રોજ લેખ લખતા રહ્યાં. તે લેખનો ગ્રંથ આપણને અનુપમ-૫ સ્વરૂપે પ્રાપ્ત થયો.

આ શિબિર ચાલુ હતી ને પૂ.શર્માજી શ્રી યોગીજીમહારાજનો સંદેશરૂપી કાગળ લઈને સભામાં પ્રવેશતા હતા ને પપ્પાજી બોલ્યા ઓધવજી સંદેશો લઈને આવે છે. આ સાંભળી શર્માજી પણ આશ્ચર્યચકિત થઈ ગયા કે બાબુભાઈમાં બાપા બિરાજેલા છે. એથીય વિશેષ પત્ર મળતા પહેલા પપ્પાજીએ જે સભામાં વાતો કરેલી તે જ વાત આ પત્રમાં બાપાએ લખેલી. આ બાપાના કાગળના સારરૂપ મુદ્દા પપ્પાજીએ લખ્યા એ 'ગુણાતીત જ્ઞાનનું નવનીત' આપણને મળ્યું.

ગુરુહરિ પપ્પાજીએ ૨૧ મુદ્દા આપ્યા. બહેનો વિદ્યાનગર આવ્યા ત્યારે સવારના સંઘધ્યાનમાં બહેનો મંદિરમાં નંબર પ્રમાણે બેસતાં. ને રોજ નંબર વાઈઝ મુદ્દા બોલવાના. ને તે પ્રમાણે ના વર્તાય તો રોજનીશીમાં લખવાનું. વચ.સારંગપુર ૩ પ્રમાણે શ્રવણ, મનન, નિદિધ્યાસ કરાવીને, તેનો સાક્ષાત્કાર કરાવીને, પરબ્રહ્મ તત્ત્વના ધારક પપ્પાજીમહારાજે પરબ્રહ્મ તત્ત્વના ધારક બહેનાને તૈયાર કર્યા. આ તેમની સંકલ્પની તાકાત. એટલું જ નહીં પોતાની સંકલ્પ શક્તિથી આબાલવૃદ્ધ સર્વ માટે પોતે જે લેખ લખ્યા છે એની સમજૂતી આપતી શિબિરો યોજીને આધ્યાત્મિક જીવન જીવતો સંતો, બહેનો, યુવકો, ગૃહસ્થોનો ચાર પાંખાળો ગુણાતીત સમાજ રચી દીધો. આમ પપ્પાજીનું દરેક કાર્ય તેમના સંકલ્પ, પ્રાર્થનાથી સરળ થતું જ રહ્યું છે.

ગુરુહરિ પપ્પાજીમહારાજે વિશેષરૂપે ઈ.સ.૧૯૭૬ના ૨૬મી સપ્ટેમ્બરના મહામાનવની સાધના કરતાં સાધકોનો '**સંજીવની મંત્ર**' આપ્યો. ને સાથે લખ્યું કે '**વાંચી, વિચારીને ધારો.**' ને આ મંત્રોનું નિરૂપણ કર્યું. જે '**દિવ્યસુધા**' પુસ્તક સ્વરૂપે આપણને પ્રાપ્ત છે.

પપ્પાજીમહારાજના કોઈપણ કાર્યમાં જોઈએ તો જ્યાં સુધી આપણા જીવમાં એ સાર્થક ના થાય ત્યાં સુધી તેમનો સંકલ્પ આપણી સાથે જ રહેવાનો એટલે શાશ્વત સંકલ્પ. આપણે નસીબદાર છીએ કે, તેમના શાશ્વત સંકલ્પમાં આપણે આવી ગયા. તો જન્મોજનમના સુખિયા થઈ ગયા...

આજની સભામાં સંજીવની મંત્રના પ્રથમ મુદ્દા પ્રમાણે ૧. સર્વોપરી, ૨. સર્વવ્યાપી, ૩. સર્વનિયંતા, ૪. સમ્રાટ પ્રભુએ તમને તેની સેવા કરવા માટે પસંદ કર્યા છે પછી ચિંતા શેની ? ૫. તે કેફ કદી કદીય ઓછો થવા દેશો જ નહીં. આ મુદ્દાને લક્ષમાં રાખીને મુક્તોએ પોતાને થયેલા અનુભવો રજૂ કર્યા તેનું સારરૂપે મનન કરીએ.

૧. સંજીવની મંત્રના પ્રથમ મુદ્દાનો પ્રથમ શબ્દ છે '**સર્વોપરી**' તેના પર **પૂ.ચિન્મયભાઈ ઠક્કરે (અમદાવાદ)** લાભ આપ્યો : 'સર્વોપરી' શબ્દ પર એક બુંદને મહાસાગરનું માહાત્મ્ય ગાવાની સેવા મળી! એ મોટા ભાગ્ય કહેવાય. આપણે લકી છીએ કે આપણો નંબર પપ્પાજીની પ્રાપ્તિમાં છે. આ સ્વરૂપો આપણને મળ્યા ને તેમની કૃપામાં ભીંજાઈએ છીએ.

પપ્પાજીએ બાપાની આજ્ઞાથી બહેનોને ભગવાન ભજાવવાનું યુગકાર્ય શરૂ કર્યું. એ સમયે આ કાર્ય અશક્ય હતું. પણ પપ્પાજી સર્વોપરી છે એટલે કરી શક્યા. પપ્પાજીને આપણને આપણા સ્વભાવ, પ્રકૃતિથી પર કરી એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવો છે. તેઓ પોતાનું કાર્ય કરાવવા આપણને શુદ્ધ કરી રહ્યા છે. ભગવાનની

મરજી વગર કાંઈ થતું નથી. આપણે તો આ સ્વરૂપોની ખિસ્સાની ડાયરીમાં છીએ. તેથી આપણા જીવનમાં એમનું જ કાર્ય થાય. આપણું જીવન પોતાનું નથી. આપણે સર્વોપરી પપ્પાજીનું કાર્ય કરવાનું છે તો એનો કેવો કેફ હોવો જોઈએ !

સંજીવની મંત્ર સાથે હું હંમેશા જોડાયેલો છું. તેમાં લખેલા શબ્દોથી જ ફૂલારો આવી જાય છે. પપ્પાજીમહારાજ અને આ સ્વરૂપો રાજી થાય તેવું જીવન જીવું તે જ પ્રાર્થના.

૨. **'સર્વવ્યાપી' શબ્દ પર પૂ.ખ્યાતિબેન મર્ચન્ટે (મુંબઈ)** લાભ આપ્યો : સૌથી પહેલા આપણા જીવનમાં ગુરુ આવે ત્યાર પછીથી જ સાચું જીવન શરૂ થાય છે. દીદી અને નીલમબેને પપ્પાજીનું માહાત્મ્ય અને તેમને ઉપાયભૂત કરવાની ટેવ પડાવી છે. પપ્પાજીની સર્વોપરીતાના પ્રસંગો કહીશ. મને મકાન રીડેવલપમેન્ટનું કામ સોંપવામાં આવ્યું. મને તેનું કાંઈ નોલેજ નહોતું. પણ પપ્પાજીને ઉપાયભૂત કર્યા તો બધું સરળતાથી થઈ ગયું. ને બધા મેમ્બર્સ પણ અત્યારે સુખી છે.

મારી મેડીકલ પોલીસી હતી તે એકવાર રીન્યુ કરવાની રહી ગઈ. એજન્ટ કહે હવે રીન્યુ નહીં થાય. કંપનીવાળાને વાત કરી તો કહે તમને વધારે રકમની પોલીસી કરી દઈએ પણ બે વર્ષ સુધી કલેમ નહીં કરી શકો. ને એ બે વર્ષના એન્ડ પહેલા મારું કેન્સર પકડાયું. ને એની સારવારના બીલ માટે મેં જેટલા કલેમ કર્યા એ બધા કલેમ પાસ થઈ ગયા.

એવી જ રીતે મારે ભૂતાન જવાનું હતું. મારે કોરોનાની રસીનું સર્ટીફીકેટ જોઈતું હતું તે મળી ગયું ને સરળતાથી બધું બે દિવસમાં થઈ ગયું.

મારા વિચાર, વાણી, વર્તન તમે સૌ સ્વરૂપો રાજી થાવ તેવા કરું એ જ પ્રાર્થના.

૩. **'સર્વનિયંતા' શબ્દ પર પૂ.સુહાસભાઈ ઠક્કરે (અમદાવાદ)** લાભ આપ્યો : સર્વનિયંતા એટલે કંટ્રોલ કરનાર. જે જડ-ચેતન સર્વને કંટ્રોલ કરે. આચાર્યસ્વામીએ સમજાવેલું કે આપણી પ્રગતિ માટે પ્રભુ ગમે તે વ્યક્તિમાં પ્રવેશી તેને વર્તાવે. હું કેમીકલ એન્જીનીયર છું. હું જે કંપનીમાં સર્વિસ કરતો હતો તે યુનીટમાં ગેસ લીક થયો. હું પપ્પાજીને સંભારીને પ્રાર્થના કરતો હતો. ત્યાં એક ઓફિસરે આવીને કહ્યું કે દરવાજો ન ખોલશો. બહાર ખૂબ મોટો ધડાકો થયો. તે એકસીડન્ટમાં ૩૨ જણા મૃત્યુ પામ્યા પણ અમે બચી ગયા. ઓફિસરમાં પ્રવેશ કરનાર પપ્પાજી જ ને !

એકવાર મને લાગ્યું કે નોકરીમાં પ્રગતિ નથી થતી. તેથી હું સાઉદી ગયો પણ ત્યાંના મેડીકલમાં નાપાસ થયો. મને કહે તું પાછો જા. એમ કહેવાય કે મારી નોકરી ગઈ. મેં તો માળા ફેરવવાની શરૂ કરી. પાછો આવ્યો ત્યારે પપ્પાજી કેટલાય પાત્રોમાં પ્રવેશ્યા ને જે નોકરી હું કરતો હતો તે જ નોકરી, તે જ પગાર ને તે જ લેવલ પર મને પાછી નોકરી મળી ગઈ. જાણે મારી આજુબાજુ રક્ષાનું કવચ અનુભવાયું. પ્રભુની સર્વનિયંતા શક્તિ અનુભવી.

આવા જબરજસ્ત સ્વામિનારાયણ ભગવાન મળ્યા. તેમણે સાવ નાની વાત માગી છે કે તમે પપ્પાજીનો પ્રકાશ થઈ જાવ. પપ્પાજીએ આ જ કર્યું કે હું જોગીનો પ્રકાશ છું. એમના રાહે જ ચાલવાનું છે તો એ કરી શકીએ તેવી પ્રાર્થના.

**પૂ.ડૉ.મુકેશભાઈ વકીલ (અમદાવાદ)** : આ સંસ્થા વિશે પહેલા મને ખબર નહોતી. પપ્પાજીની સારવાર કરવાની સેવા મળી ત્યારે પણ ખબર નહોતી કે હું આ દિવ્યાત્માની સેવા કરું છું. પછી મને ખબર પડી. એકવાર ગુણાતીત જ્યોતનું એક પુસ્તક વાંચ્યું ને મને બહુ રસ પડ્યો. ત્યાર પછી તો મેં ઘણા પુસ્તકો મંગાવ્યા ને વાંચ્યા. મને પપ્પાજીના અનુભવ થયા હશે તો પણ મને ખબર નથી. પણ પંદરેક દિવસ પહેલા મને થતું હતું કે ઘણા દિવસથી જ્યોતમાં ગયો નથી ને મારે જવું છે. શું કરવું તે કાંઈ ખબર નહોતી પડતી. ત્યાં ડૉ.વીણાબેનનો સમૈયામાં આવવા માટે ફોન આવ્યો ને તેમણે બધું ગોઠવી દીધું. આજની વાતો સાંભળીને લાગે છે કે હવે જે અનુભવ થશે તે નોંધાશે.

વીડિયો કલીપ દ્વારા 'શાશ્વત પપ્પાજીની

પ્રેરણા'ના દર્શન કર્યાં જેમાં પ.પૂ.દીદીના સ્વસૂરમાં ગુરુહરિ પપ્પાજીમહારાજનો આવાહન શ્લોક 'જેની વાણી વિશે...' અને સંજીવની મંત્રનો પહેલો મુદ્દો રજુ થયો. નવેમ્બર માસ માટે આ બે આજ્ઞા છે. જે આપણને વોટ્સએપ માધ્યમથી મળી ગઈ છે. તે ગુરુહરિ પપ્પાજીમહારાજનો આવાહન શ્લોક રોજ બોલીને તે મહિમાને વિચારીએ અને ધારીએ. સાથે સાથે સંજીવની મંત્રનો પહેલો મુદ્દો મોઢે કરી દિવસમાં પાંચ વાર બોલવો. મનન, ચિંતન કરીને જીવન વ્યવહારમાં ઉતારવો.

આ શાશ્વત સંકલ્પ પર્વની ઉજવણીના ભાગરૂપે નવેમ્બર ૨૦૨૬ સુધી દર મહિને જીવનમાં ઉપયોગી આજ્ઞા મળતી રહેશે. તે પાળીને આપણે સૌ ગુરુહરિ પપ્પાજીનું કાર્ય બની રહીએ.

૪. 'સમ્રાટ પ્રભુએ તમને તેની સેવા કરવા માટે પસંદ કર્યા છે. પછી ચિંતા શાની ?' તે મુદ્દા પર પૂ.ડૉ.વીણાબેને લાભ આપ્યો : પપ્પાજીનું આખું જીવન જોઈએ તો તેમાં દાસત્વભક્તિ, વફાદારી એવું વધારે આવે. સમ્રાટ શબ્દ ન દેખાય. આજે જે વાતો થઈ ત્યારે ગેડ બેઠી કે પપ્પાજીએ નાની મોટી કોઈપણ વાત પોતાના સંકલ્પથી સ્થાપિત કરી છે. એ ખરા સમ્રાટ છે. એ રીતે જોતા નાનપણથી સ્વર્ગ ઉતારવું, કાકાજીને ભણાવ્યા, કુટુંબની જવાબદારી પૂરી કરી, બાપાની ઈચ્છા પૂરી કરી તે બધા પપ્પાજીના જીવનના પાસા છે તે સમ્રાટ ના હોય તો શક્ય નથી કે આવું કાર્ય કરી શકે.

કાકાજી એટલે નિર્દોષબુદ્ધિના સમ્રાટ. પપ્પાજી સ્વધર્મના સમ્રાટ. સોનાબા પ્રેમ, સેવા, ભક્તિના સમ્રાટ. આ ત્રણ સમ્રાટ સ્વરૂપોએ પોતાના ગુરુને પોતાનું સર્વસ્વ અર્પણ કરી ગુણાતીત સમાજની સ્થાપના કરી.

સમ્રાટ જોગીબાપાએ બહેનો અને ભાઈઓ માટે સંકલ્પ કર્યો. એ સંકલ્પ ઝીલી બહેનો, ભાઈઓએ સમર્પણ કર્યું. એમના આંતરમન પણ સમ્રાટ કહેવાય. બહેનો માટેનો સંકલ્પ પપ્પાજીએ અંતરે ધર્યો. ઈ.સ.૧૯૬૬માં મેની ૨૮મીએ વિમુખ થયા ને ૧લી જૂને બહેનોને દીક્ષા આપી આ બહુ અઘરું કામ હતું. તે પપ્પાજી સમ્રાટ હતા તો થયું. એ માન મોટપ બધું છોડીને ગુરુની આજ્ઞા પાળી. ભગવા વસ્ત્રધારી ગુણાતીતભાવ પામેલા બહેનો ઘડ્યા. આ બહુ મોટું કાર્ય કહેવાય. જ્યોતિબેન, તારાબેન પણ સમ્રાટ કહેવાય. તેમાં દીદી ને દેવીબેનને પણ એ યુગમાં સંત બનવાનો વિચાર આવવો એ કેટલી મોટી વાત કહેવાય! બાપાનો સંકલ્પ પપ્પાજીએ ને પપ્પાજીનો સંકલ્પ આ ચાર બહેનોએ ઝીલ્યો. ને બહેનો માટે આ પથ શરૂ કર્યો.

પપ્પાજીએ કેટલી કૃપા કરી કે અમને બહેનોને કર્મયોગ કરાવ્યો. મારા તો વિચારમાંય નહોતું. ગુણાતીત જ્યોતમાં દીદી પાસે રહેવું છે એ નિર્ણય મનમાં દ્રઢપણે હતો. પપ્પાજીએ એક દિવસ મને કહ્યું કે તારે જનરલ સર્જનમાં જવાનું. એ વખતે એ ફિલ્ડમાં બહેનોનું નામનિશાન ન હતું. એમનો સંકલ્પ હતો, એમની સર્વોપરીતા, દિવ્ય શક્તિ હતી. તો ૩ મહિના પછી હું એડમીશન લેવા ગઈ તો ત્યાં મને કહ્યું કે ૩ મહિના પછી સર્જરી જેવી બ્રાન્ચમાં તને એડમીશન કેવી રીતે મળે? મેં પપ્પાજીને પ્રાર્થના કર્યા કરી કે તમારે બનાવવી હોય તો એડમીશન અપાવો. એડમીશન ઓફિસમાં જે બેન બધાને એડમીશન આપે તેની ભૂલથી એક જગ્યા ખાલી હતી ને મને એડમીશન મળી ગયું. આ તો કેવી વાત કહેવાય ! એ પપ્પાજીની સર્વોપરીતા. મને મનાઈ ગયું કે હવે પપ્પાજીની શક્તિ જ કામ કરશે. બાકી સર્જન થવામાં મને બહુ થડકો થતો હતો.

બીજું આ મંત્રમાં છે કે, 'પછી ચિંતા શાની ?' મને થડકો ઘણી વાતમાં થતો હતો. એકવાર હૉસ્પિટલમાં પ્રસંગ બન્યો. પોલિટિકલ પ્રેસર પણ આવ્યું તેથી મેં રાજીનામુ મૂકી દીધું ને આવીને પપ્પાજીને વાત કરી. ત્યારબાદ પપ્પાજીએ જેમ કહ્યું તેમ કર્યું તો આખા પ્રસંગમાં અંતે મારી તરફેણમાં ચુકાદો આવ્યો. અંતરમાં જે ચિંતા, થડકો રહેતા હતા તેમાં પપ્પાજીએ દિલથી મનાવી દીધું કે આપણને પ્રભુએ તેમની સેવા માટે પસંદ કર્યા છે તો ચિંતા શાની ? આમ એમની કૃપા, દિવ્ય

શક્તિનો સાક્ષાત્ અનુભવ કરાવી નિશ્ચિંત કર્યા.

**૫. 'તે કેફ કદી કદીય ઓછો થવા દેશો જ નહીં.'** તે મુદ્દા પર ગુણાતીત પ્રકાશ પૂ.રાજુભાઈએ લાભ આપ્યો : પપ્પાજીએ આ પહેલા મુદ્દામાં પસંદ અને કેફ શબ્દ નીચે બે અન્ડરલાઈન કરી છે. પપ્પાજીએ લખેલા શબ્દો રોજ વાંચીએ તો ય કેફ ઓછો ન થાય એવી એમાં તાકાત છે. બધાને ખાત્રી છે કે એમની પસંદગી વગર કોઈ અહીં આવી જ ન શકે. સર્વોપરીએ પસંદ કર્યા એનો કેફ જ ઓછો ન થાય.

પપ્પાજીને ૩૬ વર્ષની ઉંમરથી કેફ ઓછો થયો નથી. કાકાજી, પપ્પાજીના જીવન પ્રસંગો સંભારીએ તો ખ્યાલ આવે કે કેવા કેવા પ્રસંગોમાં કેફ રાખ્યો છે. બીમારી આવી, જેલમાં ગયા, અપમાન કરનારાનું પૂજન કર્યું. કેવો પપ્પાજીનો કેફ હશે ને કેવી પ્રાપ્તિની ખુમારી ! સોનાબાના, આ સ્વરૂપોના જીવન પ્રસંગો વિચારીએ તો ય આપણો કેફ ઓછો ન થાય.

યોગીજીમહારાજે આ બધાને ખૂબ કસણીમાં લીધા. એ બધા તો સર્વોપરી હતા જ. આપણને દાખલો બેસાડવા માટે એમાંથી થોડું જીવી શકીએ તેના માટે બતાવ્યું. કાંતિકાકાને પપ્પાજી, કાકાજી માટે ભાવ કદી ઓછો ના થાય તે એમણે કેવા માન્યા હશે! આપણા આ સ્વરૂપોએ પણ કાંઈ ઓછું સહન નથી કર્યું. ભવિષ્યમાં એમ થશે કે આવા સ્વરૂપો થઈ ગયા ને આવું કાર્ય કર્યું ! ખૂબ સર્વોપરી છે તે વિચારીએ તોય કેફ ઓછો ન થાય.

સર્વોપરી પપ્પાજી છે, ગમે ત્યાં પ્રવેશ કરી શકે. ગઈકાલે જ હું ને પીન્ટુભાઈ જ્યોતના સંત બહેનોને લઈને ગાડીમાં નવા હાઈ વે પરથી આવતા હતા. એટલે રસ્તા પર કોઈ હતું નહીં. વરસાદ આવતો હતો. ને અમારી ગાડીનું વાઈપર બંધ થઈ ગયું. ગાડી સાઈડ પર લીધી. અમે મહેનત કરતા હતા પણ કંઈ પરિણામ ન આવ્યું. અમારે વાઈપર બદલવું હતું પણ તેના માટેના પાના અમારી પાસે નહોતા. એક વિચાર આવ્યો કે વરસાદ છે ને આપણે હાથ ઊંચો કરીએ તો કોઈ ગાડી ઊભી રાખે ? ત્યાં તો બાજુમાં એક ઓડી કાર આવીને ઊભી રહી. એ લોકો રસ્તો પૂછતા હતા. મેં બતાવ્યો પણ હું મદદ માગી ન શક્યો. એને ભગવાને પ્રેરણા કરી ને એણે પૂછ્યું કે તમને કાંઈ જરૂર છે ? ને અમે વાત કરી. એમની ગાડી તો આપણા કરતા જુદી હતી છતાં ય એમની ગાડીના પાના આપણા વાઈપરને લાગી ગયા. વાઈપર બદલી કાઢ્યું ને બધું ઓકે થઈ ગયું. આ પપ્પાજી ! આમ આપણને થયેલા આવા અનુભવો વિચારીએ તો ય કેફ ઓછો ન થાય.

**ત્યારબાદ ગુરુહરિ પપ્પાજીમહારાજના બ્રહ્મસૂત્રોનો નાનકડો ડીજીટલ ગ્રંથ 'પ્રેરકનાં પ્રેરણા બુંદ...'નું ડીજીટલ અનાવરણ થયું.**

**આશીર્દાન પ.પૂ.દીદી :** આનંદ તો છે જ ને રહેવાનો પણ છે. આપણે જ્યારે આપણા મટી જઈએ પછી જે આનંદ હોય તે કંઈક જુદો પ્રભુમય છે. સાહેબદાદા પધાર્યા છે. અખંડ બ્રહ્મભાવમાં વિચરતા આપણા સમાજમાં સાહેબદાદા છે. તો આપણે એમના આશીર્વાદ લઈએ.

**આશીર્દાન પ.પૂ.સાહેબજી :** ગુરુ ઋણ ચૂકવવા માટે શાશ્વત સંકલ્પ પર્વ ઉજવી રહ્યાં છીએ. વર્ષો પહેલા ભટ્ટસાહેબના દીકરીના લગ્નમાં અમે કાકાજી સાથે ગયેલા. બા બેઠા'તા તે કહે ઉપર જાવ, બાબુભાઈ ઉપર બેઠા છે. પપ્પાજી સફેદ વસ્ત્ર ધારણ કરીને બેઠા'તા ને ધ્યાન કરતા'તા. ત્યારે પહેલીવાર પપ્પાજીના દર્શન કર્યા. પહેલા જ દર્શને આનંદ, આનંદ થઈ ગયો.

૧૯૬૩માં યોગીજીએ અમને યુવાનોને ખાસ બોલાવ્યા. ત્યારે અમારો હાથ દાદુભાઈને આપ્યો ને કહ્યું કે દાદુભાઈની આજ્ઞામાં રહેજો. ત્યારપછી અમે બાપાને પૂછવા નથી ગયા ને દાદુકાકાની આજ્ઞા પાળી. ૧૯૬૬માં પપ્પાજી અને બહેનો અહીં રહેવા આવ્યા. અમે કાકા, પપ્પાના દર્શને આવતા. કાકાજીએ કહ્યું કે, બાબુભાઈ પાસે આવજો ને અહીં જમજો ને એમની આજ્ઞામાં રહેજો. ત્યારથી બાબુભાઈની આજ્ઞામાં રહ્યા. કાકાજી અને પપ્પાજીને બાપાનું સ્વરૂપ માન્યા. ત્રણેની સ્ટાઈલ જુદી પણ પરબ્રહ્મ તત્વ એક હતું. જે ભાવ બાપામાં હતો તે કાકાજીમાં, પપ્પાજીમાં થઈ ગયો.

બાપાએ અમને એચ.એમ.પટેલના ષષ્ઠીપૂર્તિના સમૈયામાં જવાનું કહ્યું ને તેમને પત્ર લખતા હતા તો મને બાપા કહે, 'શું લખું ?' બાપા તો પ્રભુનું સાકાર સ્વરૂપ હતા. તેથી હું તો સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરવા લાગ્યો કે કોઈ વિચાર ના આવે. પછી બાપા હસીને કહે, 'ચાલો હું જ લખું છું.' એવું જ પપ્પાજીએ પણ કર્યું. કોઈના લગ્નમાં પપ્પાજીએ મોકલ્યા ને કહે હું આશીર્વાદ લખી આપું છું. પપ્પાજી કહે, 'શું લખું?' એક્ઝેટ બાપાની સ્ટાઈલ. હું તો સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરવા લાગ્યો. ને પપ્પાજીએ હસતા હસતા આશીર્વાદ લખી આપ્યા. બાપા ને પપ્પા એ એક જ પરબ્રહ્મ તત્ત્વ છે તેવું મનાઈ ગયું.

અમે ૧૯૬૬ થી ૧૯૮૬ સુધી પપ્પાજી સાથે રહ્યા. મોટા પુરુષનું સાંનિધ્ય જ જીવન બદલે છે. એ અમારો ગોલ્ડન પિરિયડ હતો. બાનું અસાધારણ હેત અને પપ્પાજીનું સાંનિધ્ય.

૧૯૬૫માં જ્યારે હરિપ્રસાદસ્વામીજીને દીક્ષા આપી ત્યારે પપ્પાજી, કાકાજી, બહેનો પણ આવેલા. આપણને મૂર્તિ આપવા મોટા પુરુષો કેવો ભીડો લે છે ! કાકાજી ઉપર બેઠા હતા ને પપ્પાજી નીચે બેસી ગયા. કાકાજી કહે, ઉપર મારી સાથે બેસો. મોટાભાઈ છો. પપ્પાજી કહે, બલરામેય મોટા જ હતા. હું તો સરપ્રાઈઝ થઈ ગયો ને મને પપ્પા માટે ત્યારે જ દિવ્યભાવ થઈ ગયો. એવા દિવ્ય પુરુષો માટેનો ભાવ એ આપણું જીવન બદલતું હોય છે.

તેમનું વર્તન આપણા પર પ્રભાવ પાડતું હોય છે. બીજે દિવસે બાપા પૂજા કરતા હતા. પપ્પાજી બેઠા'તા ને એકદમ શાંતિથી માળા ફેરવતા'તા. આજે પણ હું માળા ફેરવું ત્યારે એ મૂર્તિ ઈદમ યાદ આવે.

બાના હેતે ને પપ્પાજીના સાંનિધ્યમાં અમારું સિંચન થયું. બાપાએ કહેલું અંતર ભગવું કરવું છે. તે ૧૯૬૮માં આખો ઢાંચો ઢળ્યો. પપ્પાજી સાથે રોજ સભા કરતા. પપ્પાજી વચનામૃત સમજાવતા. પ્રગટ પુરુષોત્તમની, ઉપાસનાની વાતો થતી. પપ્પાજીએ શુદ્ધ સમજ અમને આપી. આ દિવ્ય પુરષોના યોગ, સમાગમ, સાંનિધ્યથી અવયવ બદલાય છે.

પપ્પાજીએ અમને કહેલું કે ગુરુવારની સભા તમે ચાલુ જ રાખો. ૧૯૬૮માં કાકાજી, પપ્પાજી એકવાર સભામાં આવ્યા, બાએ ગુલાબ મોકલ્યા. ને પપ્પાજીએ કહ્યું તમને ઓફિશ્યલી દીક્ષા આપીએ. પોષીપૂનમે અમને આઠ ભાઈઓને વ્રતની પ્રતિજ્ઞા લેવડાવી. કાકાજી, પપ્પાજી, બાના આશીર્વાદથી વ્રતધારી ભાઈઓનો માર્ગ શરૂ થયો.

શરૂઆતમાં બાનો પ્રેમ ને બહેનોનો સાથ હતો. જ્ઞાન જરૂરી છે પણ વાત્સલ્યભાવ જ્યારે ભળે ત્યારે કેફ, કાંટો ને મસ્તી ઓછા નથી થતા. અમે આઠ જણા આઠ દિશા જીતે તેવા હતા. સિદ્ધ પુરુષો નહોતા થયા. સાધના કરતા'તા. પપ્પાજીની કૃપા ને બાનો વાત્સલ્યભાવ હતો તો કદી અથડાણ નથી થઈ ને અમારો કેફ આજ સુધી ઓછો નથી થયો.

૧૯૬૬માં વિમુખ થયા ત્યારે અમે ભાઈઓ, ૫૧ બહેનો, માણાવદર મંડળ, મુંબઈ મંડળ એટલા સાથે હતા. ને ભયંકર સંજોગો હતા. બાપાનું જ કાર્ય હતું. પણ તમે સમતામાં છો કે નહીં, કેફ, કાંટો ઓછા થાય છે કે નહીં તેની પરીક્ષા હતી. તે ૧૯૭૧ સુધી ચાલ્યું. પણ કાકાજી, પપ્પાજીનું જબરજસ્ત હેત, મૂક સાંનિધ્ય ને બાનું વાત્સલ્ય તો કોઈનું મોઢું પડ્યું નથી. શું થશે ? કેમ થશે ? એવો કોઈને પ્રશ્ન ઊભો ન થયો. અત્યારે તો શેરડીનો વચલો ભાગ મળ્યો છે. તેનો પ્રતાપ આ દીદી ને બહેનો છે. પપ્પાજીનો મહિમા દીદી અને બહેનો છે.

૧૯૫૨માં દાદુભાઈ, બાબુભાઈ સામાન્ય ગૃહસ્થો હતા. તારદેવનું ઘર ગૃહસ્થનું ગણાય. તેમાં દીદી જ્યોતિબેન, તારાબેન સાથે સાધ્વી તરીકે જોડાયા. કેટલું મોટું પ્રદાન કહેવાય. પૂર્વના જ. સાધના કરીને સ્વરૂપ થયા તેવું નથી. એવા દીદીની ભેટ આપી. પપ્પાજી તેમના થકી પ્રગટ મળ્યા છે.

૫૧ બહેનો ને આઠ-દસ ભાઈઓ હતા. એવા હેત પ્રેમના તાંતણે બંધાયેલા છે. મળીએ ના મળીએ પણ હૃદયનો ભાવ છે તે વધતો જાય છે. તો પપ્પાજીનું ઋણ અદા કરીએ. સંપ, સુહૃદભાવ, એકતા રાખીએ. તેમની

સુવાસ પ્રસરે. અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો ગોકીરો થાય. તેમનો સંકલ્પ સાકાર કરવામાં આપણા પક્ષે જે કરવું પડે તે હળીમળીને કરીએ તેવી પ્રાર્થના.

દીદીની તબિયત ખૂબ સારી રહે. ને તેમની શતાબ્દી તેમની હાજરીમાં ઉજવીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** અલૌકિક ધામો ઘણાં છે તે કોઈ ધામમાં પરબ્રહ્મ તત્ત્વ રહ્યું નહીં ને પૃથ્વી પર પ્રગટ થયા. ભારત દેશ ખૂબ ભાગ્યશાળી. આપણે અક્ષરધામના વાસી છીએ. મહારાજ પ્રગટ્યા ને આપણને સનાથ કર્યા. મુમુક્ષુ તો કોઈ છે નહીં. અડફટમાં આવ્યા તેનું કલ્યાણ કર્યું. પ્રકૃતિથી પર કરવાના તે પરબ્રહ્મ વગર કોઈ કરી શકે નહીં. એમણે સંકલ્પ કર્યો ને આપણા પ્રારબ્ધ ગોઠવાતા ગયા. જોગીમહારાજ જેવાં ભવ્યાતીભવ્ય સ્વરૂપે સંબંધમાં આવનારનું કલ્યાણ કરવાનો સંકલ્પ કર્યો એ પ્રગતિ કરતું ચૈતન્ય બની ગયું. ચારે પાંખે એવા ગુજરાતમાં વેરી દીધા. કોઈના સંબંધમાં તો આવી જ જાય ને.

મહારાજે પોતાના આશ્રિતો માટે વરદાન માગ્યા. વન વે ટ્રાફિક. આપણને ગરજ હોય કે ન હોય, આપણા પ્રારબ્ધ વાપરી ગુણાતીતભાવમાં રહેતા કરી દેશે. જે સંબંધમાં આવ્યા તેનું કલ્યાણ. આપણા જેવું કોઈ ભાગ્યશાળી નથી. આવા સત્પુરુષને આશરે પડી રહીએ. ભજન ને સેવા એ બે કરી પરમ ભાગવત સંત થઈ ગુણાતીતભાવમાં રહેતા થઈ જઈએ એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** આપણા માટે આનંદની વાત છે કે દીદી અને સાહેબજીનો પ્રત્યક્ષ લાભ મળે છે. એમની સ્મૃતિઓ કંડારી લઈએ તો કાંઈ કરવાનું ન રહે. એમની મૂર્તિની સ્મૃતિમાં રહેવા સિવાય કાંઈ કરવા જેવું નથી. એવા ગુણાતીત સ્વરૂપમાં જોડાણ થાય પછી એમની સ્મૃતિમાં રહેવું. પપ્પાજી શું ને કેવું જીવ્યા તે આપણા જીવનમાં એપ્લાય કરવા માટે છે. પપ્પાજીએ પોતાના વર્તનથી આદર્શ મૂક્યા છે.

તે વાત એમના શ્લોકમાં છે. 'જીવે જે અલમસ્ત...' એ શબ્દોમાં પપ્પાજીની હિસ્ટ્રી અને આપણા માટે માર્ગદર્શન છે. આપણને પપ્પાજી મળ્યા છે તેની આધ્યાત્મિક અલમસ્તાઈ છે. બહારના આનંદમાં અહંકાર છે.

જેને જે સ્વરૂપ મળ્યું છે તેની સ્મૃતિમાં રહી આજ્ઞા પાળીએ. આપણે વહેલી તકે 'હું'ને ભૂલી તેમને રાખીએ. પપ્પાજી ! તમે અઢળક વરસો તેવા મળ્યા છો. તમારી સ્મૃતિ વધાર્યા કરીએ તો 'હું'ની વિસ્મૃતિ આપોઆપ થઈ જાય. અમારા અભિનિવેશમાં ન રહેવાય. એક જંપ મારીએ – 'હું' નહીં 'તું'. એવો તમારી મૂર્તિનો સાક્ષાત્કાર કરી લઈએ એ જ પ્રાર્થના.

**પ.પૂ.ભરતભાઈ :** પપ્પાજીની ઘણી સ્મૃતિઓ મળી છે તે રોજ સંભારી તેમાં લયલીન થઈ પ્રાર્થના કરીએ. એવા ગુણાતીત સંતની સ્મૃતિ, માહાત્મ્યમાં રહીશું તેટલો કેફ, મસ્તી, આનંદ રહેશે. સ્વામિનારાયણ ભગવાન ને આ સ્વરૂપો પ્રભુ સિવાય ક્યાંય બંધાવા નહીં દે. આજના પ્રોગ્રામમાં આવ્યું કે દીદી ફ્રી ન રહેવા દે. ભગવાન સંબંધી કાર્યમાં જોડેલા રાખે છે તે ભાગ્યની વાત છે. સ્વામિનારાયણ ભગવાનથી એ ચાલતું આવ્યું છે. આપણા અંતરમાં કાંઈપણ હશે તો આ સંતો રહેવા નહીં દે. પપ્પાજીએ એકવાર આશીર્વાદ આપેલા કે એક માળા નીરવ થઈને ફેરવશે તે પરમ ભાગવત સંત થઈ જશે. કેટલા મોટા આશીર્વાદ આપ્યા છે ! પપ્પાજીએ કેવી રીતે નીરવ થઈને માળા કરવી તે કરી બતાવ્યું. આપણે એવી નીરવ અવસ્થામાં રહેવાનું છે. ૨૪ કલાક એવા ભાવમાં રહીશું ત્યારે એવી એક માળા કરી શકીશું. મોટા સંતોની આપણા પર કરૂણા છે. આપણને જાગ્રત રાખે છે. દીદીએ જે આજ્ઞા આપી છે તે પ્રમાણે જીવીએ તો જે પ્રાપ્તિ એ આપણને કરાવવા માગે છે તે થઈ જશે. ગુણાતીત સ્વરૂપોના આશીર્વાદ આપણા પર વરસી જ રહ્યા છે આપણે પાત્ર બનવાનું છે. એવા પાત્ર બનીએ એ જ પ્રાર્થના.

અંતમાં, 'શ્રીહરિ ને પપ્પાજી આપ પ્રગટ છો...' તે સમાપન પ્રાર્થના અને વિડીયો કલીપમાં 'તનડું ખુશી ખુશીમાં બોલે....' તે વિસર્જન ગાનમાં ગુરુહરિ પપ્પાજીમહારાજના દર્શન માણી ઉત્સવનું સમાપન કર્યું.

## તા.૨.૧૧.૨૦૨૫ : પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પ.પૂ.હંસાદીદીના 'પ્રેરણા પીયૂષ પર્વ' ૯૦મા પ્રાગટ્ય પર્વ પ્રારંભની ઉજવણી...

ગુરુહરિ પપ્પાજીમહારાજના યુગકાર્યના પાયાના સ્વરૂપો એટલે પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.તારાબેન, પ.પૂ.હંસાદીદી, પ.પૂ.દેવીબેન. આપણી પાસે તેઓના સનાતન સંભારણા છે. અત્યારે આ સ્વરૂપો માંહેના પ.પૂ.હંસાદીદી આપણી પાસે પ્રત્યક્ષ સ્વરૂપે છે. સત્વ, રજ, તમ ત્રણેય ગુણથી પર વર્તી રહ્યાં છે એવા હંસાદીદીના ૯૦મા પ્રાગટ્ય પ્રારંભની ઉજવણીની સોનેરી તક મળી ને આનંદ આપણે માણ્યો તેનાં સ્મૃતિ સંભારણા પુન: વાગોળીએ.

સવારે ૯૦:૩૦ વાગે સભા પ્રારંભે પપ્પાજી હોલના પ્રવેશદ્વાર પાસે ઈ.સ.૧૯૫૬ની પ.પૂ.દીદીની સ્મૃતિસહ ગોંડલના ઘનશ્યામ મહારાજની મૂર્તિનું સ્થાપન કરેલું. આ મૂર્તિ પાસે પ.પૂ.દીદીએ પ્રાર્થના કરેલી કે, 'હે મહારાજ ! હું તમારી છું. મને રખડાવશો નહીં.' એ દીદી તો પામી ગયાં ને અનેકને પમાડી રહ્યાં છે. એવાં દીદીને પ્રાર્થના ધરી કે, અમને ક્યાંય રખડાવતા નહીં. અર્થાત અમારા મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્ સાધનામાં આડા ના આવે. આ પ્રાર્થના ભાવ બાદ પ.પૂ.શોભનાબેને પ.પૂ.દીદીનું પૂજન કરી હાર અર્પણ કર્યો.

સૌ પ્રથમ 'હે હાલો હાલો હાલો આજ ઉત્સવ ઉજવવાને કાજ...' એ કીર્તન સાથે ગુરુહરિ પપ્પાજીમહારાજની ભવ્ય સ્વાગત યાત્રાના વીડિયો દ્વારા દર્શન કર્યા. ત્યારબાદ પૂ.અરૂણાબેન રચિત 'ખુશી ખુશી વરસે...' એ ભજનના તાલ પર યુવતીમંડળના બહેનોએ રીંગ સાથે દીદીને સ્વાગતભાવ ધર્યા. સુંદર પુષ્પો સુશોભિત પથની મધ્યે દીદીને આસન પર બિરાજમાન કર્યા. હિન્દુ સંસ્કૃતિમાં ૯૦મું વર્ષ 'કનક અભિષેકમ' તરીકે ઉજવાય છે. તે સ્મૃતિસહ દીદીના ચરણ પખાળ્યા, પૂજન કર્યા. પુષ્પો અર્પણ કરતા પ્રાર્થના ધરી કે અમે સોના જેવા શુદ્ધ બનીએ. સોનાના દોરાની જેમ છએ ઋતુમાં હઠ, માન, ઈર્ષા જેવા ભાવોમાં સમતાથી રહીએ તેવા સુવર્ણપાત્ર અમને બનાવજો. આ પ્રાર્થનાભાવો ઝીલતા દીદી સ્વાગતયાત્રા પૂર્ણ કરીને હૉલમાં સ્વઆસને બિરાજમાન થયા.

ત્યારબાદ પૂ.હીનાબેન વ્યાસ રચિત 'સાક્ષાત્ અક્ષરધામ મળ્યું....' ભજન પર પૂ.ક્ષમાબેન અને પૂ.મુસ્કાનબેને નૃત્ય દ્વારા સ્વાગતભાવ ધર્યા.

ત્યારબાદ સ્વરૂપો મંચ પર આસનસ્થ થયા. શ્રીજીમહારાજથી પ.પૂ.જસુબેન સુધીના સ્વરૂપોને પ.પૂ.દીદીએ પોતાના પ્રાર્થનાભાવો ધર્યા અને હાર અર્પણ કર્યા તે દર્શન વીડિયો દ્વારા માણ્યા. દીદીના અંતરે સદાય રહે છે કે મારી સાહેલીઓ સંગે રહી તેઓએ મારા જીવનમાં મોટો ભાગ ભજવ્યો છે. પળેપળ આત્મીયતા, પ્રીતિ ને સુહ્રદભાવ રાખીને વર્ત્યા છે તો તેઓને કેમેય ભૂલાતા નથી. આવી અદ્‌ભુત આત્મીયતાની ગંગોત્રી એ તારદેવ તીર્થધામે શરૂ થયેલી તેનું દીદીના ભાવોમાં દર્શન કર્યું.

દીદીએ ૯૦માં વર્ષમાં પ્રવેશ કર્યો. ઈ.સ.૧૯૫૬થી તારદેવમાં પ્રવેશ્યા તેને ૭૦ વર્ષ થયા. આ બહેનોએ એકતાથી જીવીને ગુણાતીત જ્યોતનું ઉત્થાન કર્યું છે. આધ્યાત્મિક એકતાનો આદર્શ સ્થાપ્યો છે ને તેઓએ જે દિવ્ય પાયો રચ્યો છે તે જાળવીએ ક્યારેય મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જઈએ નહીં.

ત્યારબાદ 'પ્રેરણા પીયૂષ પર્વ'ના સ્મૃતિ ચિહ્નનું ઉદ્‌ઘાટન કર્યું તેનું વિડિયો દર્શન માણ્યું.

આજની સભાનું સંચાલન કરતાં પૂ.ડૉ.નીલમબેને મહિમામાં રત કર્યા કે – આધ્યાત્મિક સત્પુરુષોની જે પ્રેરણા હોય તે આપણને પીયૂષરૂપ બનાવે છે. પીયૂષ એટલે અમૃત. પીયૂષ એટલે ગુણાતીત પ્રીતિ, ભક્તિ, પરાભક્તિ. અનંત જન્મોથી હંસાદીદીના ચૈતન્યએ ખૂબ ખૂબ પ્રગતિ કરીને, આ સમે પપ્પાજીના યોગમાં આવીને ખૂબ મોટું યુગકાર્ય કર્યું છે. દરેક પ્રકારની પ્રેરણા દીદીએ આપી છે. પોતાના દિલમાં પ્રત્યક્ષ સ્વરૂપનું માહાત્મ્ય છે તો તેઓને પ્રેરણાઓ આવ્યા જ કરે છે. હંસાદીદીના અંતરે કેફ છે કે સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ મને મળ્યું છે. એમની પ્રેરણા કેટલી અલૌકિક

છે ! ને તેના પીયૂષપાન આપણને કરાવ્યા. હંસાદીદીનું પીયૂષ શું છે ? તો એમના પ્રેમ, પ્રાર્થના ને જતન. સાચી સૂઝ આપીને જે તેમણે પીયૂષપાન કરાવ્યું છે તે આપણે કરીએ તે માટે આપણે આ ઉત્સવ ઉજવી રહ્યાં છીએ. આપણને જે દુ:ખી કરે તેવી અણસમજણ, માન્યતા, ગ્રંથિઓ છે તે સમર્પિત કરીને આપણે પ્રેરણાના પાન કરીએ કે હું આત્મા છું. અક્ષર છું. બ્રહ્મસ્વરૂપ છું. એમ જીવીને પરબ્રહ્મની ઉપાસના કરવાની જાગૃતિ આવે તે આ પ્રેરણા પીયૂષ પર્વ છે...

ત્યારબાદ હંસાદીદીએ ગુરુહરિ પપ્પાજીમહારાજને હાર અર્પણ કરી પ્રાર્થનાભાવ ધર્યા. ત્યાર બાદ મુક્તોએ સ્ટેજ પરના સ્વરૂપો અને ગુરુસ્વરૂપોને પુષ્પભાવ અર્પણ કર્યા. ગુણાતીત સમાજના કેન્દ્રો અને હરિભક્તો તરફથી પુષ્પાર્પણ અને ભાવાર્પણ થયા. પૂ.યજતભાઈ મકવાણાએ પ.પૂ.દીદીની મૂર્તિનો સ્કેચ સ્વહસ્તે તૈયાર કરેલો તે દીદીને અર્પણ કર્યો. તેમજ મંત્રી ફેમિલીએ **‘પરમહંસ સુબોધિની પ.પૂ.દીદીબા’** એ અદ્‌ભુત આલ્બમ દીદીને અર્પણ કર્યું.

સભાના પ્રારંભે પ.પૂ.દીદીની રુચિ પ્રમાણે ‘હે પપ્પાજી સુણો... ઓ પપ્પા તું જીવન મારું...’ એ દીદી રચિત કીર્તન ગાઈને, પપ્પાજીને અંતરની પ્રાર્થના ધરતા **પૂ.અંકિતભાઈએ** સૌને પપ્પાજીમાં લીન કર્યા.

શ્રી અક્ષરપુરુષોત્તમ, ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.દીદીના મહિમાગાનના શ્લોક દ્વારા વંદનભાવ ધર્યા. ત્યારબાદ આજના મંગલ ઉત્સવે મહિમાગાન થયા તેના સારના મનન, સ્મૃતિમાં રત થઈએ.

**પૂ.ડૉ.નીલમબેન :** અમે દીદીના પ્રાગટ્યોત્સવ અંગે વિચારતા હતા. તો એટલું બધું હતું કે એમાંથી ચાર વિષયો લીધા. મારા ભાગે ભજનો આવ્યા છે. દીદી કવિહૃદયી, ભક્ત હૃદયી, ભાવુક અને મહિમા સ્વરૂપ. દીદીએ અત્યાર સુધીમાં હજાર જેટલા ભજન બનાવ્યા છે. તેમાં ‘ઉગતી પ્રભાએ...’ અને ‘આખા દિવસમાં...’ ભજન આખો સમાજ ગાય છે. દીદીએ સ્વામિનારાયણ ભગવાનથી માંડીને દરેક ગુણાતીત સ્વરૂપોના ભજનો બનાવ્યા છે.

સર્વદેશીયતા કંઈ શીખવાડવી નથી પડતી. પ્રભુની સર્વોપરીતાના દર્શન દીદીએ બધામાં કર્યા છે. દીદીના ભજનો શું અપીલ કરે છે તેનો મારો અનુભવ કહું. દીદી ચંપાબાના ઘરે આવતા. હું સેવામાં હતી. ત્યારે દીદીએ ભજન ગાયું ‘બની માનવ તમે...’ એ ભજનથી મને પ્રતીતિ થઈ ગઈ ને આંખમાં આંસુ આવી ગયા. એકવાર ‘પીગળેલા હૈયે....’ ભજન ગાતી હતી. ત્યાં તો પપ્પાજી આવ્યા ને કહે, તને તો દર્શન થઈ ગયા. તારે તો ‘પ્રેમેવંદન...’ ગાવાનું. આમ એમના ભજને અંતરમાં શિલ્પકામ કર્યું છે.

દીદીએ કોઈપણ સ્થાન, સમય, રાગ પર નિરાકારપણે પ્રભુની પ્રેરણા ઝીલી ભજન બનાવ્યા છે. તેના પર ચિંતન કરીએ તો પાર પડી જવાય. હાલમાં હું ‘આતમ તારા મહિમા...’ ભજન પાકું કરું છું. એક કડી ગાઉં ને માથું નમી જાય છે. દરેક ચૈતન્યને જરૂર હોય તેને ક્લીક થઈ જાય ને આનંદ થઈ જાય છે. અંતરમાં સર્વોપરી ભાવે જતન કરે છે. તો જ આ નીલમ અહંકાર મૂકીને અહીં બેઠી છે.

તેમના ભજનો આપણા આત્માને શુદ્ધ કરે છે. અંતરઆત્મામાં તપાસ કરીને પપ્પાજીને પ્રાર્થના કરીએ કે જેવી છું તેવી તમારી છું પણ જેવી તેવી રાખતા નહીં. દીદીના શબ્દોમાં જે બળ છે તે પ્રેરણા પીયૂષ છે. એ પીયૂષ એટલે અહમ નીકળી જાય ને અક્ષરરૂપ બનીએ. દીદી પ્રેરણા અને પપ્પાજી પીયૂષ. અત્યારે પોતે પીયૂષ થઈ ગયા છે. એ હરદમ એ પાન કરાવી રહ્યાં છે. હે દીદી! તમારું જ્ઞાન અમે પચાવીએ. સંકલ્પ, ભાવ ને ક્રિયામાં ભગવાન સર્વોપરી છે તે દર્શન થાય તેવી કૃપા કરજો.

**પ.પૂ.હંસાબેન ગુણાતીત :** દીદીનું જીવન એટલે પ્રથમ પ્રભુ પછી પગલું. આપણને પણ એ જ શીખવે છે. દરેક કાર્યમાં પ્રભુને આગળ રાખો. તારદેવમાં પપ્પાજીનું વચન એ જ બહેનોનું જીવન. એમના વર્તનથી અમને તેવું વર્તવાનું શીખવ્યું છે. અમને આજ્ઞા આપી કે આજથી સાડી પહેરો, અંબોડો વાળો. દીદીએ એ બધું શીખવ્યું. કેવી રીતે બોલવું, ચાલવું, વર્તવું તે શીખવ્યું. અહીં આવ્યા ત્યારે પપ્પાજીએ દીદીને વ્યવસ્થા સોંપી.

તેમાં પણ પપ્પાજીએ જેમ કહ્યું તેમ કર્યું. ને અમને ભગવાનના માર્ગે દોડતા કર્યા. એકવાર જૂની જ્યોતના ત્રીજા માળના હોલની સફાઈ બાકી રહી ગઈ તો ચારે બહેનો મંડી પડ્યા. કોઈ જાણપણું જ નહીં.

કોઈ દિવસ કાંઈ બોલ્યા નથી. પણ એમનું વર્તન એ જ ઉપદેશ. નવી જ્યોત છે ત્યાં ખેતર હતા. એ બધી સેવા દીદીએ શીખવી પાર પમાડ્યા, ઊંચે ચડાવ્યા.

દીદી સ્પષ્ટવક્તા ને નીડર. મૂર્તિને દીદી સાકાર માને છે. અંતરની વાત બાપાને પૂછી ને બાપા કહે, બાબુભાઈને કહે. ત્યારથી બાબુભાઈએ કહ્યું તેમ જ કર્યું. પપ્પાજી જેમ વાપરે તેમ વપરાયા છે. એકવાર દીદીએ 'સ્વામીશ્રીજીના સાક્ષાત્ સ્વરૂપો...' શ્લોક બનાવ્યો. તેમાં મધુબેન, સવિબેન વગેરે બહેનોને સન્માન કરવાનું હતું. તેમાં મારું નામ નહોતું. દીદીએ મને પત્ર લખ્યો ને પામી જવાની ચોટ લગાડી દીધી એ આ દીદી.

પપ્પાજીનો સંકલ્પ સાકાર કરી જ લેવો છે તેની ઝંખના ને પ્રેરણા દીદી વહાવે જ રાખે છે. દીદીનું જીવન જોઈએ તો અંતર નમી જાય. જે આવે તેને ભગવાન આપે, શાંતિ આપે. એક જ વાત મારા પ્રભુના સંબંધવાળા છે ! એને માટે મારે શું કરવાનું છે?

દીદી, તમે જે જ્ઞાન આપ્યું છે તેને પચાવીએ. અખંડ પપ્પાજીને પ્રગટાવવાનો દીપ લઈને તમે ફરી રહ્યા છો તેમાં અમારો નંબર રાખજો.

**પૂ.પ્રતિક્ષાબેન ચિત્તલીયા :** દીદીએ અમને ખૂબ પ્રેરણા આપી છે. દીદી જે કહેવા માંગતા હોય તે વાર્તા સાથે કહેતાં તેથી તે રસપ્રદ લાગતું ને સમજાઈ જતું.

એકવાર દીદીએ નેપોલિયનની વાર્તા કરેલી. નેપોલિયને ઘણા વિજય પ્રાપ્ત કરેલા. એકવાર એક પ્રજાજને પૂછ્યું કે તમારી આ સફળતાનું રહસ્ય શું છે? નેપોલિયને તેને બીજે દિવસે સવારે દરિયા કિનારે આવવા જણાવ્યું. બીજે દિવસે પેલા ભાઈ આવ્યા ત્યારે એણે જોયું કે મોટા અધિકારીઓથી માંડી નાના સિપાઈ સુધીના બધા કિનારેથી કચરો વીણતા હતા. નેપોલિયને આ બતાવી કહ્યું કે મારી સફળતાનું મુખ્ય કારણ તમે બધા છો. મેં જે વચન આપ્યું હોય તેમાં નાના-મોટા બધા નિ:શંકપણે વફાદારીથી જોડાઈ જાય છે... ત્યારે હું નાની હતી એટલે આ વાર્તા પરથી એટલું સમજી કે ગુરુ જે કહે તે આપણે કરવાનું.

અત્યારે ફરી એના પર વિચાર કર્યો ત્યારે એવું લાગ્યું કે જોગીમહારાજે પપ્પાજીને કહ્યું કે, જ્યોતિ, તારા ભગવાન ભજે તો શું ખોટું ? એ કામ તમારે કરવાનું છે. પપ્પાજીને દીકરીની લાચારી ન ગમે ને બાપાએ તેમને આ આજ્ઞા આપી તે પાળી. કાકાજી, પપ્પાજી, બાએ આ ગુણાતીત સમાજ તૈયાર કર્યો ને પપ્પાજીએ તૈયાર કરેલા બહેનો પાયામાં હોમાઈ ગયાં.

એકવાર મેં એક ચિઠ્ઠી લખી. દીદીએ મને બોલાવીને કહ્યું કે આમાં સોરી લખી દે. મેં દલીલ કરી. દીદી કહે આપણે મૂકી દઈશું તો આપણને જ સુખ આવશે. આમ પ્રેમથી સમજાવ્યું પણ ચલાવી લીધું નથી.

દીદીએ ક્યારે ય મહંતાઈનો ઉપયોગ નથી કર્યો. આગ્રહ નથી રાખ્યો. પ્રેમથી સમજાવ્યું છે. પપ્પાજીનું કાર્ય ક્યારે બનાય ? જ્યારે આપણે પ્રભુની રુચિ પ્રમાણે જીવીએ તો તેમના જેવા ગુણ આવે ને પ્રભુનું કાર્ય થાય. દીદી અત્યારે એ લક્ષ લઈને ભજન, પ્રાર્થના, સંકલ્પથી મંડ્યા છે. આપણે આ જન્મે આ સ્વરૂપોની હાજરીમાં જે કરી લઈશું તેટલું જ સાર્થક છે. મારે કહે એમ કરવાનું છે. મારાપણું મૂકવાનું છે. આધ્યાત્મિક રીતે ભગવાનનું કાર્ય કરીએ એવી પ્રાર્થના કરી પ્રેરણા આપે છે.

આપણી પાસે દીદીને જે અપેક્ષા છે તેને દીદી આપણામાં ઉગાડે છે. જો આપણે સમજી લઈએ તો જલદી થાય. આ સ્વરૂપોએ તેમની છત્રછાયામાં સુખે સુખે સાધના કરાવી છે. પપ્પાજીની હાજરી નથી તેને ૨૦ વર્ષ થયા પણ બહેનો અહોહોભાવે આ સ્વરૂપોને રાજી કરવા સેવા કરે છે. એ તેમનું જતન છે. તો હે દીદી ! અમારું ગમતું ન ગમતું, મૂલ્યાંકનો મૂકી દઈએ. ધ્યેય તરફ તત્પર રહીએ. તમારા પ્રાર્થના, ભજન તો છે જ પણ અમે પણ ભજન, પ્રાર્થના કરીએ.

**ત્યાર બાદ પ.પૂ.દીદીએ ઈ.સ.૧૯૭૧ અને ઈ.સ. ૧૯૭૨ બે વર્ષમાં કરેલા પ્રવચનમાંથી ૯૦ વચન અમૃત સંકલિત કરી તૈયાર કરેલા 'આતમનું**

પ્રેરણા પીયૂષ' ગ્રંથનું ડીઝીટલ અનાવરણ થયું.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આપ સૌનાં દર્શનથી બહુ જ આનંદ થયો. પપ્પાજીના સંબંધે આપણે સગા ને વહાલા થઈ ગયા. તમારા માટે કંઈપણ સેવા કરવાની હોય તો જુદો જ ભાવ થાય. ગુરુહરિ પપ્પાજીએ કેટલી કૃપા કરી આટલા બધા ભાઈ-બેન આપી દીધા.

જ્યારે સાધના શરૂ કરી ત્યારે સમજાયું કે ભગવાન મળ્યા પછી કરવાનું શું ? સ્વામીની વાતમાં છે કે,

૧. હઠ, માન, ઈર્ષા ન રાખવા. એ રાખીએ તો જ રહે. કાઢવા કેવી રીતે ? સ્મૃતિ, સમાગમ કરવા, બળ માંગવું. મૂકવું હશે તો થઈ જશે.

૨. માન, મોટપ ના રાખવાં. જો પપ્પાજીએ ગ્રહણ ના કરી હોત તો ઘરમાં બધા કહેત કે બા એકબાજુ બેસો. પપ્પાજી મળ્યા તો કેટલું સુખ છે ! જીવનમાં માન-મોટપ આડા ના આવે તેવું જીવવું છે. પ્રાપ્તિ તો સર્વોપરી થઈ ગઈ છે પણ સતત સુખ, શાંતિ, આનંદ રહે તેવું જીવવું છે.

કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વગર જીવીએ. કોઈપણ અપેક્ષા વગર આપવું તે જુદી વાત છે એ દાન નથી આશીર્વાદ છે. કાકાજી, પપ્પાજીના માન-અપમાન જોયેલા છે. માન કરતા અપમાન વધારે મળ્યા છે. ૨૮મી મેના વિમુખ કર્યા ને ૧લી જૂને ૪ દિવસમાં જ ભગવા વસ્ત્રો આપી દીધા. કોઈ બેનો કે મા-બાપ હાલ્યા નથી. આ બધા ભાઈઓનો પણ સાથ હતો.

વિમુખ થયા પછી એકવાર બાપા વિદ્યાનગર આવવાના હતા. અમને દર્શને બોલાવ્યા. પણ ખબર પડી કે અમે હોઈશું તો બાપા નહીં આવે. તેથી અમે બહેનો ત્યાંથી ચાલી નીકળ્યા. ત્યારે સાહેબ અને ભાઈઓ અમારી સાથે નીકળ્યા. અમે કહ્યું તમે તો દર્શન કરી લો. ત્યારે સાહેબજીએ કહ્યું, 'જ્યાં અમારી બહેનો ત્યાં અમે.' આ સાહેબદાદા ! આપણે તેમના આશીર્વાદ લેવા છે.

**સદ્‌ગુરુ સંત પૂ.મનોજદાસસ્વામી (અનુપમ મિશન):** આજના દિને વડતાલમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ શ્રીજી મહારાજે સ્વયંએ પ્રતિષ્ઠા કરી હતી. પપ્પાજીના ૧૧૦ ને દીદીના શતાબ્દી પ્રારંભે અનુપમ મિશનના સાષ્ટાંગ દંડવત. આજે પ્રબોધિની એકાદશીએ જાણે દિવ્ય નૂતન યુગનો આરંભ થયો તેવા સમયે આપણે સાહેબદાદાના આશિષ મેળવીએ. પૂ.દીદીની શતાબ્દીના દશકનો પ્રારંભ થઈ ગયો.

**પૂ.આશિષભાઈ (વડોદરા) :** પ્રથમ પ્રભુ પછી પગલું એવું જીવન જેનું છે તેવા દીદીને વડોદરા મંડળ તરફથી શુભેચ્છા પાઠવીએ છીએ. દીદી તમે જેવા દાસત્વભાવ, નિષ્ઠા, કેફથી જીવી રહ્યા છો તેવું અમારું જીવન બને.

**ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ :** બ્રહ્મનિયંત્રિત બ્રહ્મસમાજની અક્ષરધામની સભામાં બેઠા છીએ. જ્યાં કોઈપણ આયોજન સાકાર બ્રહ્મની પ્રેરણાથી જ થાય છે. દીદીની ૭૦ વર્ષની આધ્યાત્મિક જીવનયાત્રામાં શું નહીં બન્યું હોય ! કેવા અદ્‌ભુત આ ચાર સ્વરૂપો હશે! નાની નાની વાતોમાં જીવંત સાધના કરતા તેનું દર્શન કરાવ્યું છે.

ચોવીસ કલાક પપ્પાજી તરફની એક એક પળ ભક્તિ કરવી એ જ એમનું જીવન છે. પપ્પાજીના ઉત્સવમાં સંવાદનાટિકા માટે મહિના પહેલા જ મિટિંગ કરી. ટૂંક સમયમાં આટલું આયોજન કેવી રીતે થશે ? મારી તાકાત નહોતી. કારણ દિવાળી વેકેશન, કલાકારો મળવા વગેરે પ્રશ્ન હતા પણ આ સ્વરૂપો કહે તેમ કરીએ તો ભગવાન ભળે છે. આ સ્વરૂપો કાળથી પર છે તે દર્શન થાય છે. હજુ દસ દિવસ પહેલા જ દીદીએ થોડો ફેરફાર કરાવ્યો. તેમાંય એમની શક્તિએ કાર્ય કર્યું છે. દીદીએ ભજનો, કાર્યક્રમો દ્વારા પપ્પાજીનું સ્વરૂપ છતરાયું કર્યું છે.

૨૦૧૮માં મને સ્વાઈન ફ્લ્યુ થયો. ને મને ICUમાં મૂક્યો. જરાક હલી જવાય તોય લાગે જાણે જીવ નીકળી જશે. મને તો લાગ્યું કે જેવી પપ્પાજીની મરજી હશે તેમ થશે. દીદીએ ડૉ.વીણાબેનને મોકલ્યા. તેમની સાથે મને પત્ર લખેલો તે મોકલ્યો હતો. તેમાં લખેલું કે, આપણે તો પપ્પાજીનું ઘણું કાર્ય કરવાનું છે. ને મારા વિચારો બદલાઈ ગયા. આ દીદી.

દીદી, તમે આટલી ધીરજ, શાંતિ ને સંકલ્પથી મંડ્યા છો તેના પર અને પપ્પાજી પર અમે વિશ્વાસ રાખીએ. આપ નિરામય રહો એ જ પ્રાર્થના.

પૂ.ઉદિતભાઈ શેઠ (પૂના) : હું જૈન પરિવારમાં જન્મ્યો. નાનપણથી દીદીને ઓળખું છું. મારું નામ દીદીના આશીર્વાદથી મળ્યું છે. દીદી શક્તિનો ધોધ છે. એમનામાં સંતના દર્શન થાય છે જે પોતે સત્યના માર્ગે ચાલી રહ્યા છે ને બીજાને ચલાવે છે. તેમના શાસ્ત્રજ્ઞાન ને ભજનો બતાવે છે કે પ્રેમ, સેવા જીવનના આધાર છે. દરેક ભક્તો દીદીના આશ્રયમાં જીવનનો રાહ શોધી શકે છે. આપણે દીદીબાના આદર્શો જાળવીએ. જ્યોત સંસ્થાનું તેજ ચિરંજીવી રહે ને દીદીનું દીર્ઘ નિરામય આયુષ્ય બને તેવી પ્રાર્થના.

પૂ.હેમંતભાઈ વશી (પવઈ) : દીદીનો ૯૦મો બર્થ ડે. તેમની ૯૦ વર્ષની સાધના છે. અત્યારે જે સંકલ્પ કરશો તે પૂરો થશે. આજે પ્રાર્થનાનો દિવસ છે.

બાપાના એક વાક્યમાં કાકાજી, પપ્પાજી, બાએ શ્રમ કર્યો તેનું ફળ આપણને મળી રહ્યું છે. દીદીની ૯૦ વર્ષની યાત્રા જોઈએ તો ભગવાનની પ્રસન્નતાના કારણથી અત્યારે એમનું કરણ બની ગયાં. આપણને દોરવણી આપી રહ્યાં છે.

તારદેવમાં દીદી બાળકોનું ધ્યાન રાખતા. ઘનશ્યામભાઈ નાના હતા ત્યારે તેમને ટોન્સીલ થયેલા. તેમને હૉસ્પિટલમાં ભૂલમાં મોટાના વોર્ડમાં મૂક્યા ને તેઓ ગભરાઈ ગયા. દીદી તેમને બીજે દિવસે પાછા લઈ આવ્યા. રસ્તામાં આઈસ્ક્રીમ ખવડાવ્યો ને ટોન્સીલ મટી ગયા. એવી જ રીતે હાલમાં પણ તેમને ડાયાલેસીસ ચાલે. તેમાં દીદીએ હોમીયોપેથીની દવાનું કહ્યું ને તેમને સારું થઈ ગયું.

પપ્પાજીએ જે મહાપૂજા શરૂ કરાવી તેની શરૂઆત દીદીએ કરી. દુનિયામાં તો અત્યારે ટેમ્પલ મેનેજમેન્ટનો સ્પેશીયલ કોર્સ ચાલે છે. પણ દીદીએ ૧૯૬૬થી જ્યોતનો કાર્યક્રમ ઘડ્યો છે એ અદ્ભુત !

૧૯૮૬ પછી પપ્પાજી બધે ફર્યા. દીદી બધું તૈયાર કરીને આપતા. ૨૦૦૬ પછી જ્યોત એક ઓટોપુશથી ચાલ્યા જ કરે છે.

અમે તો ખૂબ ભાગ્યશાળી છીએ કે અમે આ બધું જોઈ શકીએ છીએ. લાઈફટાઈમ અચીવમેન્ટ તરીકે અમે દીદીને પ્રાર્થનાકાર્ડ અર્પણ કર્યું છે.

આ પ્રાર્થનાકાર્ડનું વાંચન પૂ.હેમંતભાઈ મર્ચન્ટે કર્યું.

આશીર્દાન પ.પૂ.સાહેબજી : યોગીમહારાજ, શાસ્ત્રીમહારાજના સંકલ્પે પ્રમુખસ્વામી, મહંતસ્વામી, પપ્પાજી બધાના સાંનિધ્યમાં ગુણાતીત સમાજ સર્જાયો તેના દર્શન થાય છે. ભગવાનની ખૂબ કૃપા કહેવાય.

વર્ષો પહેલા પ.પૂ.મહંતસ્વામીજીના પિતાશ્રી મણીકાકા બીમાર હતા. યોગીમહારાજની આજ્ઞાથી હું એમની ખબર રાખું. એકવાર જોવા ગયો ત્યારે મણીબા મને કહે હંસાબેન આવ્યા છે તમે મળો. ત્યારે પહેલીવાર દીદીને મળ્યો. નાની ઉંમરમાં પણ પ્રભાવશાળી લાગતા'તા. દીદીએ ભજનોની બુક આપી. પછી ખબર પડી કે બહેનો ભગવાન ભજે છે. કાકાજી, પપ્પાજીનો યોગ મળશે, બહેનો સાથે રહેવાનું થશે તે ખબર નહોતી. પ્રગટની ઉપાસના પ્રવર્તાવનાર કાકાજી હતા. યોગીમહારાજ સામાન્ય સાધુ નથી, અક્ષરપુરુષોત્તમનું સાકાર સ્વરૂપ છે તે પ્રચાર કર્યો. કાકાજી, પપ્પાજી, સંતો વિમુખ થયા ત્યારે સત્સંગમાં હલચલ મચી ગઈ હતી. ૨૮મી મેના વિમુખ થયા. ૧લી જૂને હું લેબોરેટરીમાં હતો. મને વિરેન્દ્રભાઈ કહેવા આવ્યા કે આજે ગુણાતીત જ્યોતમાં બહેનોએ ભગવા વસ્ત્રોનું વ્રત લીધું. પપ્પાજી સમર્થ હતા તો આ શક્ય બન્યું. સામાન્ય માણસ હોય તો આવા સંજોગોમાં ઊંડો ઉતરી જાય. વિરેન્દ્રભાઈની રસોઈ હતી. અમે જમવા આવ્યા તો બહેનોને ભગવા વસ્ત્રોમાં જોઈને ખુશ થઈ ગયા. બહાર તો નીકળાય તેવું નહોતું. ત્યારે જ્યોતને કમ્પાઉન્ડ દિવાલ નહોતી. ભણનારા છોકરાઓ બૂમો પાડતા હોય તો ભાઈઓ રાત્રે સાયકલ લઈને અહીં આંટો મારવા આવતા. ૫૧ બહેનો ને અમે ભાઈઓ એટલો જ અહીંનો સમાજ.

મર્યાદામાં રહીને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો આદર્શ દીદીએ સ્થાપ્યો. દીદી સામાન્ય નથી. ભગવાનનું કાર્ય કરવા ભગવાન એમની સાથે લાવ્યા. ૨૦ વર્ષની

ઉંમરે બ્રાહ્મણની દીકરી પટેલના ઘરે ભગવાન ભજવા જાય એ કંઈ ખાવાના ખેલ છે ? તારદેવના નાના ઘરમાં આટલા બધા મર્યાદામાં રહીને રહ્યા છે. આશ્ચર્ય થાય. જ્યોતના બહેનો મર્યાદામાં રહીને અત્યારેય ભક્તિ કરે છે. ગુણાતીત સમાજની એક આગવી સુવાસ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્થાપી છે. એમ આપણે પણ મર્યાદામાં રહી મોટા પુરુષોની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ.

દીદીએ બનાવેલા ભજનો સાંભળીએ ત્યારે થાય કે તેમની આધ્યાત્મિકતા કેટલી ઉંચી છે ! મને બુક આપેલી તેમાં 'પ્રીત રે પ્રીત...' 'પ્રેમેવંદન...' એ બધા ભજનો હતા. સાધનાની અનુભૂતિના ભજનો આત્મસ્પર્શી છે.

પપ્પાજી પાસે અમે બેસતા ત્યારે વચનામૃત સમજાવે તે આશ્ચર્યકારક લાગે. અમે સાથે જમતા ને એટલા પ્રેમાળ ને રમુજી એવા અમે જોયા છે બા ને પપ્પાજી હોય એટલે હાસ્યની છોળો ઉડતી.

૧૯૬૬થી અમે સમૈયા દરમ્યાન ભેગા થઈને કાર્ય કરતા. વ્રતધારી ભાઈઓનો કોન્સેપ્ટ પપ્પાજી, કાકાજીએ આપ્યો. પછી ૧૯૮૬માં બ્રહ્મજ્યોતિ પર રહેવાનું ગોઠવાયું.ત્યારે પપ્પાજીએ કહ્યું કે, તમે, અશ્વિનભાઈ, શાંતિભાઈ ત્રણ મળીને બધું કરજો... અમે ૧૯૬૬થી ૧૯૮૬ સુધી હળીમળીને સાથે રહ્યાં છીએ.

દાદર મંદિરે સંતો પાસે પપ્પાજી જતા. ગુરુજી આમ ચંચળ ને કાકા માટે બહુ પ્રેમ. પપ્પાજીને કહે મને તમે ગમતા જ નથી. પપ્પાજી કહે મને તો તું ગમે છે. આજે એવો જ મહિમા પપ્પાજી માટે ગુરુજીને થઈ ગયો. એના પર જોગીમહારાજની દ્રષ્ટિ છે. તો આપણે એને પ્રેમ કરવાનો. એવા આ દિવ્ય પુરુષોના નાના નાના પ્રસંગો સાંભળીએ તો સાધનાના ચક્કરો ઓછા થઈ જાય. તે માટે આવા ઉત્સવો ઉજવીએ છીએ.

દીદી વાત્સલ્ય મૂર્તિ. કોઈ અપેક્ષા નહીં. દીદી બધાની કેર બહુ કરે. દીદીબા નામ સાર્થક છે. સૌના જીવનમાં બા વહાલામાં વહાલી વ્યક્તિ. વાંદરપૂછડા છોકરાને પણ પ્રેમભાવ આપે. દીદી એવાં છે.

આ બેનો સાથે રહેવાથી, દર્શન કરવાથી દેહભાવ ક્યાં જતો રહેશે તે ખબરેય નહીં પડે. દીદી એવા પ્રભુધારક છે. પપ્પાજી, કાકાજી દીદી થકી મળ્યા છે તેવા ભાવથી દર્શન કરીએ. દીદી વાત્સલ્ય સ્વરૂપ છે.

દીદીએ બધા ભગવાનમાં રહેતા થાય ને કામ કરે તે માટે ઉદ્યમ કર્યો છે. એમની હાજરી જ પ્રેરણાદાયી છે ને મોટામાં મોટું ભાગ્ય છે.

શાસ્ત્રીમહારાજ, યોગીમહારાજનું સ્વપ્ન હતું અક્ષરધામનો સમાજ ઊભો કરવાનો. તે માટે આપણે જે કંઈ કરવું પડે તે કરીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** શ્રીજીમહારાજનો ભવ્ય સંકલ્પ. વિવિધ પ્રકારના સ્વરૂપો બાપા આપી ગયા. આપણે એક સિદ્ધાંત રાખ્યો છે કાર્યને બોલવા દો.

ગૃહસ્થ ભાભીઓ દીદીના થઈને જીવતા થઈ ગયા. દીદી નાના હતા ત્યારથી સંકલ્પ સિદ્ધ છે. અક્ષરધામના ભજનો દીદીએ આપ્યા. દીદી ફોટાને સાક્ષાત્ યોગીમહારાજ માનતા'તા. પછી તો ભગવાન ભજવા આવ્યા. આપણા દરેકની પાસે ભગવાન છે. અંતરથી હાંક મારો. સિદ્ધ ન થાય તો કહેજો.

જબરજસ્ત ભગવાન ધારક બહેનો થઈ ગયા. કાળ, કર્મ, માયા આપણા માટે નથી. દીદી નિષ્કામભાવની મહાપૂજા જેટલા સંબંધવાળા છે તેમને સંભારી કરે છે. તો તેમની પ્રાર્થના ભગવાન કેમ ન સાંભળે!

ગુણાતીત સમાજના સંબંધવાળો મહામાનવનું સુખ ભોગવતો થઈ જાય. જોગીમહારાજનો સંકલ્પ છે. એના સંકલ્પે પ્રારબ્ધ ગોઠવાય છે. એમને સંભારીએ તો આપણી રક્ષા થાય જ. આવા સંતોમાં આત્મબુદ્ધિ થઈ ગઈ. બધાય હસતાં રમતાં આગળ જઈએ. મોટેરાના આશીર્વાદ છે, આપણે રુચિ રાખીએ. એમના જેવું સુખ ભોગવતા થઈએ. દીદીને તો સરફેસ લેવલ પર ભગવાન છે. બધા સુખે સુખે પરમ ભાગવત સંત થઈ જાય તેવા આશીર્વાદ આપો તેવી દીદીને પ્રાર્થના.

સભાના અંતમાં, દીદીનું ૯૦ વર્ષનું તપ સફળ થાય તેવી ભાવનાથી સૌ મુક્તોએ આરતી કરી. અને સમાપન ભજન ગાઈને સભા પૂરી કરી.

## તા.૮–૯.૧૧.૨૦૨૫ : પ.પૂ.તરૂબેનના ૮૦મા પ્રાગટ્યદિન અને હીરક સ્વરૂપદર્શનદિન 'પ્રાર્થના પર્વ'ની ઉજવણી...

### તા.૮.૧૧.૨૦૨૫ : પ.પૂ.તરૂબેનના 'પ્રાર્થના પર્વ'ની પ્રથમ સભા

પ્રભુકૃપા તીર્થધામમાં ગુરુહરિ પપ્પાજીમહારાજના સ્થાનકો પુષ્પોથી સુશોભિત કરેલા. પ.પૂ.તરૂબેન દાસત્વભાવે પ્રત્યેક પળે પાંદડું બનીને જીવી રહ્યાં છે તે સ્મૃતિસહ પ્રભુકૃપા મધ્યસ્થ હૉલમાં કલાત્મક પાંદડા અને પુષ્પોથી શોભાયમાન આસનમાં બિરાજેલા ગુરુહરિ પપ્પાજીમહારાજના દર્શને સૌ સભર સભર થયાં. પ્રભુકૃપા તીર્થધામ, જ્યોત પ્રવેશ દ્વાર ને પ.પૂ.તરૂબેનના નિવાસસ્થાનને ગુરુહરિ પપ્પાજીમહારાજ અને સ્વરૂપોની સ્મૃતિ સહ પુષ્પોથી સજાવેલા. તેનાં દર્શન કરી સૌએ ધન્યતા અનુભવી.

આવાહન શ્લોકથી સાંજે ૪:૩૦ વાગે સભાનો પ્રારંભ થયો. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ અને સ્વરૂપોના હાર અને કલગીથી સ્વાગત થયા. ત્યારબાદ સભાનું સંચાલન કરતાં પૂ.સ્મૃતિબેન દવેએ મહિમામાં રત કર્યા કે – પ.પૂ.બેનની અમી દ્રષ્ટિ પામી ખપ, ગરજ રાખીને સાધના કરવા આવ્યા એવાં તરૂબેને પ્રત્યેક પળે પ્રભુનો જ આશરો રાખ્યો છે. પ્રાર્થનાના સહારે સાધનાના સોપાન સર કર્યા એવાં તરૂબેનનું મન મરજીવા જેવું. ધ્યેય તરફ સતત દ્રષ્ટિ. સાધકની અદા અનોખી. તેમની અદાને આપણે ધારીએ ને પૂજીએ. પપ્પાજીની આશ પૂરવા એમણે ઝંડો ગ્રહ્યો છે એ ફરકતો રાખવા આપણે એમને પ્રાર્થના કર્યા કરીએ.

પૂ.અરૂણાબેન પટેલ રચિત 'અહો ભવ્ય આ પ્રાપ્તિની મોજ...' ભજન પર મૂર્તિદર્શન સાથે તરૂબેનના જીવનની સ્મૃતિઓને વણી લેતું યુવતીમંડળના બહેનોએ નૃત્ય રજુ કર્યું.

ત્યારબાદ એક નાનકડી નાટિકાનું દર્શન કર્યું. તરૂબેને દેહને ગણ્યા વગર જસુબેનનો પડછાયો બનીને તેમની સાથે વિચરણ કર્યું. ને અત્યારે ય વિચરણ કરીને ભગવાનનું કાર્ય ભગવાનની રીતે કરીને સાધુતા દિપાવી રહ્યાં છે. હરિભક્તોને પ્રભુની નજીક લાવી પ્રભુનો મહિમા ગાતા સેવામાં રત કર્યા છે ને ગુણાતીત જ્યોતનો મહિમા વધાર્યો છે.

તરૂબેન લાભ આપે ત્યારે હરિભક્તોને એક વાર્તા કરતાં તેનો સાર સમજાવતા કે આ ગુણાતીત જ્યોત એ સામાન્ય મકાન કે મંદિર માત્ર નથી. આ સ્થાન એક તીર્થ છે. કલ્પવૃક્ષ સમું છે. આ ભૂમિનો પ્રભાવ તમને સાચા માર્ગે દોરે છે. ભૂમિના પ્રભાવની વાર્તા પુષ્કર ક્ષેત્રમાં શ્રી રામ, સીતામાતા ને લક્ષ્મણજી પ્રવેશે છે ને લક્ષ્મણજીને જે અણગમાના વિચારો આવ્યા ને તે ભૂમિ છોડતાં પાછા દિવ્ય વિચારો શરૂ થઈ ગયા. આ વાર્તા દીદીએ કરેલી. તે તરૂબેને હરિભક્તોને સમજાવેલી. તે એક નાની નાટિકા દ્વારા માણી.

આ સ્થાનને તરૂબેન કલ્પવૃક્ષ કહે છે. જેવું વિચારીએ તેવું થાય. તો આપણે કેવા વિચાર કરવા? તેનો આ નાટિકા પરથી ખ્યાલ આવી ગયો કે દિવ્ય ભૂમિનો પ્રતાપ દિવ્યતા બક્ષે. આપણને ઉત્તમ સ્થાનનો યોગ થયો છે તો ઉત્તમ વિચારીને પામી જઈએ.

ત્યારબાદ પૂ.સ્મૃતિબેન દવે રચિત ભજન 'કરેંગે યા મરેંગે...'માં તરૂબેનના શૂરાતનને નૃત્ય દ્વારા માણ્યું.

મહિમાગાન પૂ.કરણભાઈ દેઉલકર : પૂ.તરૂબા સાથે મારી વાઈફના લીધે ઓળખાણ થઈ. આપણે ભાગ્યશાળી તે મેં સાંભળ્યું પણ આવા સ્વરૂપો સાથે ઓળખાણ થાય ત્યારે સમજાય. કોવીડ વખતે મને કોવીડ થયેલો. ઘરમાં હું ને મારા પપ્પા બે જ હતા. ત્યારે તરૂબા ફોન પર મને કહેતા કે પપ્પાજી પર વિશ્વાસ રાખો. ચિંતા ન કરતા. અમે ભજન કરીએ છીએ. પણ શરીરમાં તકલીફ થાય એટલે ડર લાગે. ડૉક્ટર હૉસ્પિટલમાં દાખલ થવાનું કહેતા હતા. તેને બદલે તરૂબેનની પ્રાર્થનાથી, બળભર્યા શબ્દોથી મને એકદમ સરસ થઈ ગયું. તે દરમ્યાન તરૂબેને ફોનથી મારી ખૂબ કેર કરેલી.

કંઈપણ મૂંઝવણ આવે ત્યાં તરૂબેનનો ફોન આવે ને શાંતિ થઈ જાય. આપણે ભાગ્યશાળી કેમ છીએ ? તો

પપ્પાજી અને આ સ્વરૂપો સાથે છે તેથી કાંઈ મૂંઝવણ નથી. ત્યારે સમજાયું કે આપણે ભાગ્યશાળી છીએ. હવે આપણે તો આનંદથી પપ્પાજી રાજી થાય તેવું જીવન જીવીએ અને દીદી, તરૂબેન તથા બહેનોની તબિયત સારી રહે એ જ પ્રાર્થના.

ત્યારબાદ વીડિયો માધ્યમે **'પ્રાર્થનાની તેજ લકીર'**માં પ્રાસંગિક ભાવનૃત્યો તેમજ તરૂબેન આફ્રિકાથી વિદાય લઈને ભારત પધાર્યા ને તેમના સેવા કાર્ય અને જીવનકાર્યની ઝલક માણી. સ્વરૂપોએ મહિમાગાન કરીને આશિષ આપ્યા તેના સારનું મનન કરીએ.

**આશીર્દાન પ.પૂ.બેન :** નીમુ, નીમુ, હંસાને ભગવાન ભજવા હતા. તરૂ કહે મારે ય ભગવાન ભજવા છે. સાચા હીરા હતા તો સાચી પ્રાપ્તિ કરવા આવ્યા. મેં તરૂને કહ્યું માળા કર એ સમજી ગઈ ને માળા ધમકાવી. તેના બા કહી ગયા કે તરૂ ભલે ભગવાન ભજતી. તમે કંપાલા લેવા આવજો. ને આજે તરૂની સર્વોપરી સ્થિતિ થઈ ગઈ. એમ કંઈપણ હોય તો માળા ધમકાવવી. ગૃહસ્થોને પણ કહું છું કંઈપણ હોય તો માળા ધમકાવવી.

**આશીર્દાન પ.પૂ.જ્યોતિબેન :** જેમ હલાવે તેમ તેમ હલવાનું. ૧૯૬૬મી સાલના એપ્રિલ મહિનાની ૨૮મીએ આ ચાર બહેનો આફ્રિકાથી ભગવાન ભજવા આવ્યા. તરૂબેનનું ઉત્તમ જીવન. સાધના કરવા આવે એનું માઈન્ડ કેવું હોય ? જ્યારે ત્યારે, જેવું તેવું ચલાવી લેવું. જસુબેનની સેવામાં તરૂબેન હતા તો પડછાયો થઈને રહ્યાં. પોતાની આવડત સાધનામાં વાપરી તો પપ્પાજી અને સ્વરૂપો રાજી થઈ ગયા.

**આશીર્દાન પ.પૂ.તારાબેન :** તરૂબેન આફ્રિકાથી નવા નવા આવ્યા. ટૂંક સમયમાં પપ્પાજી સાક્ષાત્ પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ છે તેવું એના જીવમાં મનાઈ ગયું. ભજનનો ઉપાય લીધો. માહાત્મ્યેયુક્ત સેવા ને સ્વભજન એ તો જીવનમાં જોઈએ. એમાં પપ્પાજી મળ્યા તો ડંકો વાગી ગયો. આપણને પપ્પાજી જેવું ભવ્ય સ્વરૂપ મળ્યું છે. તેમના સંકલ્પે આપણા ચૈતન્યનું જતન થાય છે. આપણે ભજનથી સાથ આપતા ને પાછા વળતાં થઈ જઈએ તે જ તેમને જોઈએ છે. તેવું કરીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** તરૂબેન આવ્યા ત્યારે એમણે કહેલું મારી ઉંમર દયાબેન, શોભનાબેન જેવડી છે પણ હું મોડી આવી. મારે તો સ્થિતિ કરી લેવી છે. કોઈપણ સેવા કરવામાં તરૂબેનને દેહનું ધ્યાન જ ન રહે. આજ્ઞાપાલન તેમનામાં મુખ્ય છે. પ્રાર્થનાના સહારે સ્વરૂપ ઓળખી લીધું. અમે ૫૧ બહેનો હતા ત્યારે એકવાર પપ્પાજીએ એમને કહ્યું કે ૫૧ બહેનોમાં જોગીને જોવાના. તે વચન પાળ્યું તો પામી ગયાં. તરૂબેન સાધુતાનું સ્વરૂપ. બહાર જાય ત્યારેય ભગવાનમાં રહે છે. એમણે પપ્પાજી, બેન બધાને હાશ કરી દીધી.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** સેવા ને ભજન એનાથી તરૂબેન પરમ ભાગવત સંત થઈ ગયા. જે કોઈ સંબંધમાં આવ્યા તેને ભગવાન આપ્યા. પ્રભુમાં ખૂબ જ શ્રદ્ધા ને વિશ્વાસ. એવી ઉત્તમ સમજણથી તેઓ જીવી રહ્યાં છે ! બસ, પ્રભુનું ઋણ અદા કરવું જ છે તેવી ધગશથી લઈ મંડ્યા છે. પપ્પાજીએ કેવી જવાબદારીની સેવા સોંપી છે ! તેમને પપ્પાજી સિવાય કાંઈ નથી. પપ્પાજી તેમને સો વર્ષ સાજાસમા રાખે. બેન અને પપ્પાજી કેવા અંતરથી રાજી થતા હશે!

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** તરૂબેન ચાલે તેમાં બ્રહ્મ ચાલે છે. કેવા એમણે ભગવાનને વશ કરી દીધા! તરૂબેન એકવાર જે નક્કી કરે પછી તે ધ્યેય તરફ જ દ્રષ્ટિ. બોલે મીઠું મીઠું. તરૂબેનની ચાર બહેનો તરફ નજર હતી કે મારે શું કરવાનું છે ? તેવું વિચારીને તેમના આદર્શ પ્રમાણે તરૂબેન વર્ત્યાં તો પ્રાપ્તિ થઈ ગઈ.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** આવ્યા ત્યારથી ખટકો રાખીને મંડ્યા. એકએક સ્વરૂપોની પ્રસન્નતા મેળવી. જે વચન કથામાંથી સાંભળે તે ઝીલી લે. પોતાની સેવા ઉપરાંત જે સેવા ચાલતી હોય ત્યાં પહોંચી જાય. દેહનો અનાદર અને રાંકભાવ. મુક્તોને રાજી કરવાની ભાવના એમના જીવનમાં છે. તમે જે સમાધિમાં જીવો છો તેવું સૌને આપો.

**પ.પૂ.દયાબેન :** તરૂબેન સાધકો માટે આદર્શ.

ખપ, ખટકો, સમાગમ, ભક્તિ ને સેવા એમના તંત્રમાંથી નીતરે છે. પૂર્વના જ હશે. સેવાભાવના તો એમની જ. પાછા ન પડે. ભગવાન તેમને નીરોગી ને તંદુરસ્ત રાખે. આપણા મોટા નસીબ કે આવા સ્વરૂપો આપણી સાથે છે. તેમને ભાવથી નમન કરીએ, વાતો સાંભળીએ તો ય આપણી કસર ટળી જાય.

**પ.પૂ.શોભનાબેન :** મહાપૂજાનું સ્વરૂપ. પ્રભુધારક સાધુ સ્વરૂપ. બોલ્યા નહીં જીવીને બતાવ્યું. પોતે વચન, સેવા, ભજન, મૂર્તિને વળગી રહ્યાં તો સ્વરૂપ થઈ ગયાં.

**પ.પૂ.મનીબેન :** તરૂબેન એટલે કંપલીટ સાધુતા. ઓછામાં ઓછી જરૂરિયાત. એમણે કહેલું કે કંતાનના કપડા આપશો તો તે પણ પહેરીશ. તે ભાવના જીવંત રાખી. તરૂબેન સૌના સાથીમિત્ર છે. ઓછા સમયમાં વધુ કામ કરે. પપ્પાજીના એક એક સૂત્ર તેમના જીવનમાં સાકાર છે. આબાલવૃદ્ધ સૌ માટે આદર્શ છે. વ્યાપકમાં ભગવાનને જુવે છે. તો આપણેય પપ્પાજી રાજી થાય તેવું જીવી પપ્પાજીને રાજી કરી લઈએ.

**પ.પૂ.તરૂબેન :** સ્વામીની ૧લા પ્રકરણની ૧લી વાત. આ પપ્પાજી, સ્વરૂપો શું છે ? શું સાધના કરવાની તેની સૂઝ બેને આપી. તેવી બધાને મળી છે. પપ્પાજી આપણને પ્રેરણા કરે છે. તમે પ્રાર્થના કરો, હું હાજર જ છું. ખૂબ સર્વોપરી મળ્યા છે. તેમને ઓળખાવે તેવા સ્વરૂપો મળ્યા છે. આપણે નસીબદાર ! પપ્પાજીને પ્રાર્થના કરવી કે તમારું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાવો. ને તે ઓળખાઈ જાય તે જ પ્રાર્થના.

## તા.૯.૧૧.૨૦૨૫ : પ.પૂ.તરૂબેનના પ્રાર્થનાપર્વની ઉજવણીની મુખ્ય સભા

આજના મંગલદિને પ્રભુકૃપા તીર્થધામે પ.પૂ.તરૂબેને ગુરુહરિ પપ્પાજીમહારાજને પોતાના પ્રાર્થના ભાવો ધર્યા બાદ જ્યોત પપ્પાજી હોલમાં પધાર્યા.

પપ્પાજી હોલમાં સુંદર સ્વાગત પથ તૈયાર કરેલો. પ.પૂ.તરૂબેન આફ્રિકાથી સ્ટીમરમાં આવેલા તે સ્મૃતિમાં પથની બંને બાજુ પુષ્પો અને સ્ટીમરના પ્રતીકો હતા. સ્ટીમરનો ફ્લોટ સુંદર તૈયાર કરેલો તેમાં પ.પૂ.દીદી અને પ.પૂ.તરૂબેન બિરાજ્યા. પપ્પાજી હોલના પ્રવેશદ્વારથી મંચ સુધી પથની બંને બાજુએથી ગૃહસ્થ ભાભીઓ અને કલાકાર બહેનોએ આ સ્વરૂપોને વધાવ્યા. ત્યારબાદ સ્વરૂપો મંચ પર સ્વઆસને બિરાજ્યા.

આવાહન શ્લોકથી સવારે ૧૦:૩૦ વાગે સભાનો પ્રારંભ થયો. સભાનું સંચાલન કરતાં પૂ.સ્મૃતિબેન દવેએ મહિમામાં રત કર્યા કે, ૨૧ વર્ષની ઉંમરે એક વીશ ધરીને ભગવાન ભજવાના ધ્યેય સાથે તરૂબેન તારદેવ સાધનામંદિરે સાધના માટે પધાર્યા. પહેલેથી પ્રત્યક્ષની ઉપાસનાવાળુ તેમનું કુટુંબ પ.પૂ.બેનના જોગમાં હતું જ. પ્રભુને તરૂબેનના ચૈતન્યનું દર્શન હતું કે ક્યારે ? કેમ ? કેવી રીતે ? આ ચૈતન્યને પોતાની સમીપ લાવી પોતાનું કાર્ય કરવાની તક આપવી.

ઈ.સ.૧૯૬૩માં પ.પૂ.બેને તારદેવમાં પપ્પાજી અને સોનાબાના સાંનિધ્યમાં રહી જોગીબાપાની મરજીથી, પ્રેરણાથી ભગવાન ભજતા બહેનોની વાત કરી. મહિમા ગાયો અને ચૈતન્ય આ માર્ગે સમર્પિત થવા ઝંખી રહ્યું. એની શરૂઆત પ.પૂ.બેને ઈશારો કરીને માળા બતાવી. ત્યારથી એ વાટની સૂઝ મળી ને એ પળથી આજ સુધી એ 'પ્રાર્થના' શ્વાસે શ્વાસે એમનું જીવન બની ગઈ.

પ્રભુને પ્રાર્થનાથી પ્રત્યક્ષ કર્યા છે એ એમનું કાર્ય બોલી રહ્યું છે જે આપણે અનુભવી રહ્યા છીએ.

તરૂબેનનો ખપ, ગરજ, ખટકો એવા છે કે, મારે પ્રાર્થના કરવાનોય ભીડો ગુરુને નથી આપવો. એટલે આજે આ પ્રાર્થના પર્વ આપણને પ્રેરણા આપે છે કે, ગુરુઓ આપણામાં ખપ જગાડે છે ને પ્રાર્થના કરવા કહે છે. એ સૂઝ તરૂબેનને આવતાની સાથે પડી ગયેલી. ૬૦ વર્ષમાં એકેય પળ એવી નથી કે એમણે પ્રાર્થના કરવાની તક કોઈને આપી હોય. તેમની એકધારી પ્રાર્થના, નિર્દોષબુદ્ધિ, અચલભક્તિ ને દાસત્વભક્તિ.

તરૂબેનને ગુરુહરિ પપ્પાજીમહારાજે આશીર્વાદમાં લખેલું કે, નાયગરા ધોધ પૃથ્વી ઉત્પન્ન થઈ ત્યારથી વહ્યા કરે છે ને વહ્યા કરશે. તેમ તું જગતના સર્વ પ્રાણીમાત્ર

અક્ષરરૂપ થાય ત્યાં સુધી મહારાજની સેવા કર્યા જ કરજે. મહારાજ ને મુક્તો પણ તારી સાથે આવ્યા જ કરશે.... પપ્પાજીના આશિષ પ્રમાણે તરૂબેન સેવામાં, ભક્તિમાં, પ્રાર્થનામાં, બ્રહ્માનંદમાં નાયગરા ધોધ જેવા છે. તે દેહાતીત, ભાવાતીત ને ગુણાતીત સાધુ. જાગ્રત સેનાપતિ. સાથે સાથે મરજીવા જેવા. સદા વિજયી. એવા તરૂબેને અનેકને ભગવાન આપ્યા.

એમના જીવનના અમૂલ્ય મોતી સમાન ગુણોનું સ્મરણ કરીને બળ પામ્યા કરીએ તેવી પ્રાર્થનાસહ સ્વાગત ભાવ અર્પણ કર્યા. સૌ પ્રથમ ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ, સ્વરૂપો અને તરૂબેનને બેજ, હાર, કલગી, કાર્ડ, પ્રસાદ દ્વારા ભાવાર્પણ કર્યાં. સાધક બહેનો અને હરિભક્તો તરફથી પણ ભાવાર્પણ થયાં. પૂ.ધર્મિષ્ઠાબેન મોઢ રચિત 'તરૂની મીઠી છાંય રે...' ભજન પર પૂ.પ્રાપ્તિબેન ઓઝરકરે નૃત્ય કર્યું. ત્યારબાદ મહિમાગાન થયા તેના સારનું મનન કરીએ.

**પૂ.ભાવિકાબેન સભાણી :** તરૂબેન જ્યારે મારા માથા પર હાથ મૂકે ત્યારે શાંતિ અનુભવાય છે. મારી ઈચ્છા હતી કે મારે જોબ કરવી છે. ગૃહસ્થજીવનને ૨૦ વર્ષે નોકરી શરૂ કરી તો ય આટલી એડવાન્સ ટેકનોલોજીમાં મને કોઈ પ્રોબ્લેમ થયો નથી. ને જે કંઈ પ્રગતિ થઈ છે તેનું શ્રેય તરૂબેનને છે. ત્યાર બાદ પોતે લખેલી કવિતા સંભળાવી.

**પૂ.બ્રિજેશાબેન જયાણી :** જ્યારે ૬૦ વર્ષ પહેલા તરૂબેને આ સ્થાનમાં પગલા મૂક્યા ત્યારે કોઈએ વિચાર્યું નહીં હોય કે તેઓ આટલા હરિભક્તોને માર્ગ બતાવશે. હું નાની હતી ત્યારથી મારા ગુરુ છે. ૩ વર્ષ પહેલા મેં તરૂબેનને કહ્યું કે મારે કેનેડા જવું છે. તરૂબેને કહ્યું કે તું અહીં જોઈન્ટ ફેમીલીમાં રહે છે તો તને ત્યાં ગમશે ? પણ મારે તો જવું જ હતું. તરૂબેન કહે, ૧૮૦૦૦ માળા કર. પપ્પાજી જરૂરિયાત હશે તેમ કરશે. માળા પૂરી થઈ ગઈ પણ ફાઈલ આગળ ન વધી. તરૂબેનને મેં કહ્યું તમને હું ગમતી જ નથી. ત્યારબાદ મારે અમેરિકા જવાનું થયું તો મને ત્યાં જરાય ન ગમ્યું. ને પાછી આવી ગઈ. ત્યારે સમજાયું કે ગુરુ આપણું બધું જોઈ શકે છે. આપણે ભાગ્યશાળી છીએ કે આવા ગુરુ મળ્યા છે. તેમની તન, મન, ધનથી સેવા કરી લઈએ.

**પૂ.ગીરીશભાઈ પટેલ :** તરૂબેનનો જન્મ ઈ.સ.૧૯૪૫માં થયેલો. તેમના પિતાશ્રીનું નામ મણીભાઈ એટલે કે રત્ન. ને માતાનું નામ જશોદાબેન જે મમતાનું સ્વરૂપ છે. તેવા માતા-પિતાની રોશની તરૂબેનમાં છે.

આ હોલમાં ખૂણે પહેલા ગીરીકુંજ મકાન હતું. ઈ.સ.૧૯૬૬માં આ સંસ્થા શરૂ થઈ. ઈ.સ.૧૯૭૦માં અમે અહીં રહેવા આવ્યા. ત્યાર પહેલા એક પારસી રહેતા હતા તેમણે કહેલું કે મને અહીં દિવ્ય અનુભૂતિ થાય છે. મારા મમ્મીએ કહેલું કે અહીં તો નાના નાના બહેનો ભગવાન ભજે છે. તે નાના બહેનો દોડી દોડીને સેવા કરતા હતા. ત્યારે હું કોલેજના પહેલા વર્ષમાં હતો. એ સમયમાં તરૂબેન 'ઓ' લેવલ જે ત્યારે ઘણું ઊંચુ ગણાતું તે ભણીને આવેલા. એ જે ભણેલા તે વખતે ઈંગ્લેન્ડ ગયા હોત તો મોટા CEO હોત તેવી કેપેસીટી તેમની હતી. વૈભવ છોડીને બેનના શ્રદ્ધા ને વિશ્વાસે અહીં ભગવાન ભજવા આવ્યા. એ જમાનામાં ભગવાન ભજવા એ કંઈ નાનીસૂની વાત નહોતી. આ બધા બહેનોને ખૂબ પરિશ્રમ કરતા અમે જોયા છે. ત્યારે અત્યાર જેટલી સગવડ ન હતી. મૂળમાં આ લોકોએ ખૂબ પ્રયાસ કર્યો છે. આજે જે પ્રકાશ છે તે આ બહેનોના સમર્પણનો છે. મહારાજની કૃપાથી એ દર્શન અમને મળ્યા છે. તરૂબેનના મુખમાંથી કાયમ પપ્પાજી... પપ્પાજી... જ સાંભળ્યું છે. અહીંની જ્યોતિ શાશ્વત કાળ સુધી રહે તે જ પ્રાર્થના.

ત્યાર બાદ સભામાં તરૂબેનની જીવનમંત્રની સ્મૃતિસહ જીવનમંત્ર કર્યો. જેમાં પીરામીડ કેપ સૌએ મસ્તક પર ધારણ કરેલી. એ કેપ પર આપણને દિવ્ય ઉર્જા મળતી રહે તેવી ભાવના સહ શ્રી અક્ષરપુરુષોત્તમમહારાજ, ગુરુહરિ પપ્પાજીમહારાજની મૂર્તિ અને આશિષ મૂકેલા તે દર્શનીય હતા.

**પૂ.ખ્યાતિબેન પટેલ :** સ્વામિનારાયણ ધર્મ અમારા ઘરમાં પહેલેથી જ હતો. જ્યોતના બહેનો અમારા ઘરે આવતા. પણ ત્યારે કંઈ સમજ નહોતી.

અહીં આવી ને તરૂબેનના દર્શન થયા. ને વારેવારે દર્શન કરવા આવવાનું મન થાય. મારા લગ્ન નક્કી થયા પછી અમે દર્શન કરવા આવ્યા. તરૂબેને અમારા હાર-તોરા કરાવ્યા ને કહ્યું હવે સમાજની રીતે લગ્ન બાકી. લગ્નના દસ દિવસ પહેલા મારો એક્સીડન્ટ થયો ને મારા બંને પગમાં ઓપરેશન કરવાનું થયું. હું નજીકની હૉસ્પિટલમાં હતી તો તરૂબેન વારેવારે મને જોવા આવે ને પોઝીટીવ વાતો કરતાં ને પ્રાર્થના પણ કરતાં. તો બધું સરસ થઈ ગયું.

**પૂ.નંદિનીબેન ત્રિવેદી :** તરૂબેન મારું સર્વસ્વ છે. મારા જીવનમાં ખૂબ મોટો ભાગ ભજવ્યો છે. હું આશા રાખું છું કે તેમની દિવ્યતા હંમેશા મને મળતી રહે. અમારા કુટુંબને આત્માથી જોડ્યા છે. મારા જીવનમાં ઘણા નિર્ણયો તેમણે લીધા છે. આ વર્ષે ૧૨મા ધોરણમાં મારા ૯૦% આવ્યા. અમે બધા રાજી થઈ ગયા. મારો મોટોભાઈ કહે તું B.Sc. I.T કર. મારા ટીચર કહે CA કર. મારા ભાઈને ચિંતા હતી કે CAમાં જલ્દી પાસ નથી થવાતું. મેં તરૂબેનને ફોન કર્યો. તરૂબેને વિરેનભાઈને પૂછવાનું કહ્યું. વિરેનભાઈ ને પરાગભાઈએ કહ્યું કે તું CA કર. પછી તરૂબેને પણ એ જ કહ્યું. મારા ભાઈએ પણ તરૂબેને કહ્યું એટલે હા પાડી દીધી. મેં CAની એન્ટરન્સ આપી તેમાં હું પાસ થઈ ગઈ. ને તરૂબેન સાથે છે એટલે આગળ પણ હું પાસ થઈ જઈશ એવી શ્રદ્ધા છે જ. અંતરની પ્રાર્થના છે કે અમારા સૌના કાર્ય કરતા રહેજો. રાજી રહેજો.

**પ.પૂ.મનીબેન :** પપ્પાજી કહેતા કે સાધકનું જીવન કેવું હોય ? તો જોઈ લો તરૂબેનનું જીવન. તરૂબેને દરેક સ્ટેજમાં ખપ, માહાત્મ્ય ને ધખણાથી બધું કર્યું. એકલી સેવા જ કરી છે એવું નથી. સમર્પણનું સાક્ષાત સ્વરૂપ છે. જીવનના કોઈપણ પાસા માટે આદર્શ એમની પાસેથી લઈ શકાય. શરૂઆતમાં તરૂબેન જસુબેનના સેવક, રસોડાના હેડ, અમારા બધાના સંત. વિચરણમાં જસુબેન સાથે જવાનું ત્યાં જઈને સેવા કરે, ભજન ગાય, બધું એ જ કરે. કાયમનું એવું જીવન. એકવાર એમણે કહેલું કે જીવનમાં એક આદર્શ રાખવો કે આ હોય તો એ શું કરે? તો મેં તરૂબેનનો જ આદર્શ પકડ્યો.

એમનો દૈનિક કાર્યક્રમ જોઈએ તો એ એક દિવસમાં જે કરે તે આપણે અઠવાડિયે કરી શકીએ. ભીડાભક્તિ તો કદી લાગી જ નથી. પપ્પાજી સુરત પધાર્યા હોય અને તેમની સાથે પધરામણીએ જવાનું હોય તો પોતાની રોજિંદી સેવા, મહાપૂજા વહેલા ઊઠીને કરી લેતાં. જેના ગુણ વેદ વખાણે તેમ અંતરથી વખાણાય જાય તેવું એમનું જીવન છે. પપ્પાજીનો વારસો રાખવા આપણેય તેવું લઈ મંડીએ. તરૂબેન જેવી રુચિ રાખીએ. તો એ વારસો રાખી શકીએ. એવી ચટકી અમને લાગી જાય ને કાયમ રહે તેવું પપ્પાજી બળ આપે. અમે અમારા અંગે અજોડ ને અદ્વિતીય જીવન જીવી શકીએ તે જ પપ્પાજી, સ્વરૂપો ને તરૂબેનને પ્રાર્થના.

**પ.પૂ.વિરેનભાઈ ગુણાતીત પ્રકાશ :** પપ્પાજીએ ઈ.સ.૧૯૮૭માં સુરતમાં જ્યોતની સ્થાપના કરી તરૂબેન, મીનાબેનને ત્યાં મૂક્યા. તરૂબેનનો મુખ્ય ગુણ નિયમિતતા. સક્રિય અને સમયપાલન.

ઈ.સ.૧૯૮૯માં સુરતમાં જ્યોતના હોલનું કામ ચાલતું હતું. રોજ કામ પત્યા પછી તરૂબેન સફાઈમાં લાગી જતા. તેમને એવી ભાવના કે હરિભક્તોની સેવાથી આ હોલ થાય છે તો તેનો એક એક પૈસો પ્રભુ સુધી પહોંચે ને તન, મન, ધન, આત્માથી સુખી થાય.

એકવાર પપ્પાજી સુરત પધારવાના હતા તેથી એડવાન્સ પાટીમાં એક ગાડીમાં મુક્તો પધાર્યા. વરસાદને કારણે પાણી ખૂબ ભરાયેલા. તો થયું કે પપ્પાજી ના પધારે તેવું જણાવી દઈએ. તો તરૂબેન કહે, ના. એ બધું સ્વરૂપને આધિન છે. પપ્પાજી પધારશે તો આ બધું શમી જશે. એવી તેમની દિવ્ય દ્રષ્ટિ.

ઈ.સ.૧૯૯૬ની આસપાસની વાત છે. કેરીની સીઝન હતી. ગાડી આપણી પાસે નહોતી. ૧ મણ કેરી ૧૫૦ કી.મી. દૂર નંદુરબાર પાસે આપવા જવાની હતી. તો મન કેવું વિચારે ? જે ૩૦૦ કિ.મી. જવા આવવાનું પેટ્રોલ બળે તેના કરતા ત્યાંથી લઈ લે તો સસ્તુ પડે. પણ તરૂબેન કહે, ના જાવ.

જે કહે છે કે સ્વરૂપ કહે તેમ કરી લેવું. પછી

પીયૂષભાઈ આપવા ગયા. ને તે ભાઈ બોલ્યા કે, તમે મારા તારણહાર તરીકે આવી ગયા. તે ભાઈ આપઘાતના વિચારમાં હતા. એટલે આ સ્વરૂપોને જે અંતરમાં પ્રેરણા થાય છે તે પરિણામ જોયા પછી ખ્યાલ આવે છે.

પપ્પાજીને મેં વાત કરેલી કે આ બહેનો સરસ જતન કરી રહ્યાં છે. પપ્પાજી કહે, આપણું કામ અંગ્રેજો જેવું છે. નીવડેલા સ્વરૂપોને સેન્ટર પર મૂક્યા છે. એ પપ્પાજીનું વિઝન.

આહાર, વિહાર, નિંદ્રા ને નિયમમાં એકધારું તરૂબેન જીવ્યા છે. સાધકો માટે જરૂરી નિયમિતતા અને સમયપાલન અમારા જીવનમાં વણાય જાય તેવી પપ્પાજી અને સ્વરૂપોને પ્રાર્થના.

**પેન ડ્રાઈવનું અનાવરણ પ.પૂ.દીદી પાસે પૂ.પ્રીતિબેન કાનાણીએ** કરાવ્યું જેમાં પપ્પાજી, સ્વરૂપોના પ્રવચન અને તરૂબેનના ભજનો છે.

**પ.પૂ.તરૂબેન :** દીદીએ આજ્ઞા આપી છે કે પપ્પાજીનો શ્લોક ને સંજીવની મંત્રનો પહેલો મુદ્દો દિવસમાં પાંચ વાર બોલવાનો. તે આપણે રોજ બોલીને આજ્ઞા પાળીશું. અત્યારે આપણે એકવાર બોલીએ. તે સમૂહમાં બોલ્યા બાદ તરૂબેને વાત કરી કે, ખરેખર આપણે નસીબદાર છીએ. મફતમાં આપણને દિવ્ય તત્વ મળી ગયું. પૃથ્વી પરનું અક્ષરધામ ને સ્વરૂપ મળી ગયું. પપ્પાજીનો મહિમા અમને મોટેરા બહેનોએ સમજાવ્યો. દીદી પત્ર લખતા ને આફ્રિકા પોષ્ટ કરતાં તેમાં અમને સાધનાની સૂઝ આપતાં. બેન અને જસુબેને પણ અમને ખૂબ સૂઝ આપી છે ને સ્વરૂપોનો મહિમા ગાયો છે. એ મહિમાથી અમારું પરિવર્તન થઈ ગયું. અહમ્ શૂન્ય બનીએ એવું આ સ્થાન છે.

મેં પપ્પાજીની પરીક્ષા લીધી પછી તેમને સમર્પિત થઈ ગઈ. આજ્ઞા ભેળી મૂર્તિથી પરિવર્તન થયું છે. આ સ્થાનમાં ને આ યુગમાં પપ્પાજી સાથે સંબંધ થઈ ગયો! એ જ મોટી વાત છે. પપ્પાજીને સંભારીશું ને દીદીબા આજ્ઞા આપે છે તે પાળીશું તો સુખી સુખી થઈ જઈશું. પપ્પાજી સાથે છે તે જ બધું કરવાના છે. આપણે બસ સંભાર્યા કરીએ એટલું જ કરવાનું છે. બસ તેવું બળ આપજો કે અમે પપ્પાજીને સંભાર્યા કરીએ.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** તરૂબેન એટલે તરૂબેન. મહારાજના વખતના ૨૦૦માના છે. તરૂબેનને પપ્પાજી સાથે કે બીજે લડત પડી નથી. તેણે દિવ્યભાવ પપ્પાજી જેવો જ મારામાં રાખ્યો છે. મારી સાથે હોય ત્યાં મહિમા ને માહાત્મ્ય ગાયું છે. ને પ્રસન્નતાનું પાત્ર બની ગયા. પામી ગયા. અંતરની પ્રસન્નતા કંઈ સસ્તી નથી... તરૂબેને બધામાં મહારાજ જોયા છે. જે કક્ષાએ જવું હશે ત્યાં જવાશે. પણ ક્યારે ? સામે આવે તે ગ્રહણ કરે છે તેમ માનો. તે તરૂબેને માન્યું. એમ જ પ્રાપ્તિ નથી થઈ. દેહભાવ દેખાડે ત્યારે પ્રભુનો આશરો રાખ્યો છે. માંગવું પડે, તો થાય. માન-અપમાન, સુખ-દુ:ખમાં સમભાવ રાખ્યો છે. તરૂબેને ભગવાન રાખ્યા ને સંબંધમાં આવનારને આપ્યા. તરૂબેનમાં અખંડ પપ્પાજી રહ્યાં છે તેમ માનીને તમે સંબંધમાં છો તે બધાય બાજી જીતી જાવ. પોતાની પ્રાર્થના અને ભજનથી આગળ જવું છે. ગુરુને ઓશિયાળા નથી કરવા. એવું જીવવાનું પપ્પાજી અને મોટેરાં સ્વરૂપો ખૂબ ખૂબ બળ આપે. અત્યારે સતયુગ ચાલે છે તેનું સુખ લઈ શકીએ તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ. બેન :** ઈ.સ.૧૯૬૬માં ચાર જણ આવ્યા. તરૂબેનને ઘરેથી રજા મળતી નહોતી. તરૂ કહે, હવે શું કરું ? માળા ઘમકાવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. અત્યારે જેમ રાતોરાત સેવા કરે છે તેમ રાતોરાત માળા ઘમકાવી. ને રજા મળી ગઈ. પછી તો ધામધૂમથી લેવા ગયા. ભીડા વગર પ્રાપ્તિ નથી થાતી. એકવાર પપ્પાજીને તરૂ કહે, મારે સ્થિતિ કરી લેવી છે. પપ્પાજીએ કહ્યું જેટલા બહેનો છે તે તારા ગુરુ. કબૂલ? તરૂબેન કહે, કબૂલ. પછી તો દેહમાં બીમારી આવી. પણ પ્રાર્થના કરી જસુબેન, માસીબા... બધામાં દિવ્યભાવ રાખી ખમી, ગમ ખાધી તો પામી ગઈ. તરૂબેન, તમે આખા બ્રહ્મસમાજ માટે પ્રાર્થના કરો એ જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** તરૂબેન અભાવ લે નહીં ને સ્વધર્મ ચૂકે નહીં. દેહભાવ ગણ્યા વગર સેવા કર્યા કરી. સ્વભજનથી બધું કર્યું.

ખરેખર તરૂબેનનો જબરજસ્ત સંકલ્પ. તરૂબેન જીવમાં બેસી ગયા તો આપણું કામ થઈ ગયું. તેમની અખંડ દ્રષ્ટિ ચિદાકાશમાં. એમનું જગત સંબંધવાળા જ છે. ભજન કરે તેને માટે અંતરથી આલોચ રાખ્યા કરે. આ કનેક્ટીવીટી પરમેનન્ટ છે. બેઠુ કામ લે. એનો કેફ રાખવો. મારા તરૂબેનને હું મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જાઉં તે નથી ગમતું તો મારાથી ન કરાય તેવી વફાદારી રાખીએ. તરૂબેનને પ્રાર્થના કે, સૌ તમારા જેવું સુખ લેતા થઈ જાય.

**આશીર્વાદ પ.પૂ.દીદી :** તરૂબેનના બહુ ગુણ ગવાયા પણ એક વાત રહી ગઈ. એ બહુ સારા ગાયક છે. સૌથી પહેલો કાર્યક્રમ કર્યો ત્યારે હારમોનિયમ વગાડે. લીલાબેન, તરૂબેન ને કલ્પુબેન ગાય. પ્રોગ્રામમાં સ્ટેજ પર પણ જવાબદારી રાખીને કામ કર્યું છે. તરૂબેને નાના-મોટા બધાની આજ્ઞા માની છે. રોજ સૌ પ્રથમ દર્શન તરૂબેનનાં થાય છે. તે રોજ સવારે જય સ્વામિનારાયણ કરીને જ તેમના ક્રિયાયોગમાં જાય.

૮૦ વર્ષ એટલે ભક્તિ ઉત્સવ. તરૂબેન ભક્તિસ્વરૂપ. ગમે ત્યાં જાય સેવામાં દેખાય. પપ્પાજીએ આજે શરૂઆત જ પ્રાર્થનાથી કરાવી. આજે પ્રાર્થના પર્વ હતો એટલે એમનેમ કેવી રીતે બેસી શકીએ ? આપણો ભગવાન કહ્યાગરો છે. આપણે કહ્યું કરીએ કે નહીં પણ એ તો આપણું કહ્યું કરે છે. આપણે પ્રસંગથી ડરવું નથી. તે લાવનાર આપણો ભગવાન છે. એને પ્રાર્થનાથી પાર પાડીએ તે આજે શીખ્યા.

હંમેશા પગલે પગલે ઉકેલ મળતા હોય છે. આપણું જીવન સામાન્ય નથી. એ કોણ કરાવે છે ? પપ્પાજીની પ્રાર્થનાથી પ્રસંગોમાંથી પસાર થયા છીએ. આખો ભૂતકાળ સુખમય લાગ્યો. કેવી સેવા બધાએ કરી લીધી! તરૂબેન કેટલા બધાને સાચવે છે ! અને જ્યોતમાં જવાબદારીની સેવા કરે છે. સેવાની ધગશ તેમને તો છે પણ સેવાય એમને વળગી જ રહે છે. એવાં તરૂબેનનો આદર્શ રાખીને પામી જઈએ.

આશીર્વાદ બાદ પ્રાર્થનામાં શ્રદ્ધાનો વધારો જ થતો રહે તેવી ભાવના સાથે સભાનું સમાપન થયું.

## હાર્દિક નિમંત્રણ

**સર્વસ્વનું ભક્તિયજ્ઞમાં સમિધ અર્પીને સમર્પણના શિખરે બિરાજ્યાં છે એવાં ગુણાતીત સ્વરૂપ**
**પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી :**
**તા.૭.૧૨.૨૦૨૫, રવિવાર**
**સવારે ૧૦ થી ૧૨:૩૦ કરીશું.**
આ અવસરે સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.
**સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત**
**મહાપ્રસાદ બાદ વિસર્જન**
લાઈવ દર્શન : www.gunatitjyot.org

## પ.પૂ.તારાબેનનો ૯૫મો પ્રાગટ્યદિન
## 'પરમ આતમ પર્વ'

વહાલા અક્ષરમુક્તો !

જેમણે સ્થિતપ્રજ્ઞ રહી, પળેપળ પ્રભુની પરાભક્તિ કરી છે. જેમના જીવનકવનનું હરેક પાનું મૌન સમર્પણની ગરિમાથી મહેંક્યું છે. એવાં

**ગુણાતીત સ્વરૂપ પ.પૂ.તારાબેનના ૯૫મા પ્રાગટ્ય પર્વ – 'પરમ આતમ પર્વ'ના** અવસરે સ્મૃતિઆનંદ માણવા ને આશિષ પામવા ભાવભર્યું આમંત્રણ છે.

**'પરમ આતમ પર્વ'ની માહાત્મ્યગાનની સભા :**
**તા.૨૭.૧૨.૨૦૨૫, શનિવાર**
**સમય : સાંજે ૪:૩૦ થી ૭**
**'પરમ આતમ પર્વ'ની મુખ્ય સભા :**
**તા.૨૮.૧૨.૨૦૨૫, રવિવાર**
**સવારે ૯:૩૦ થી...**
**સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત**
**મહાપ્રસાદ બાદ વિસર્જન**
લાઈવ દર્શન : www.gunatitjyot.org

## નિર્ણય

★ એકાદશી :
માગશર સુદ – ૧૧, સોમવાર, તા.૧.૧૨.૨૦૨૫
★ પ.પૂ.જસુબેનનો સ્વરૂપાનુભૂતિદિન :
શુક્રવાર, તા.૫.૧૨.૨૦૨૫
★ એકાદશી :
માગશર વદ – ૧૧, સોમવાર, તા.૧૫.૧૨.૨૦૨૫





ધનતેરશની મહાપૂજા...





શારદાપૂજન...















ભાવાર્પણ અને કેલેન્ડરનું અનાવરણ...






















નૂતનવર્ષ અને ભાઈબીજની સભા...










જ્યોત મંદિરે પાટોત્સવ...



જ્યોત મંદિર અને પ્રભુકૃપા તીર્થધામે અન્નકૂટોત્સવ...







બ્રહ્મવિહારધામનાં દર્શન...




શાકોત્સવ દર્શન...

## તા.૮-૯.૧૧.૨૦૨૫ - પ.પૂ.તરૂબેનના ૮૦મા પ્રાગટ્યદિન અને હીરક સ્વરૂપદર્શનદિન 'પ્રાર્થના પર્વ'ની ઉજવણી...





સ્મૃતિ પ્રદર્શનીની ઝલક...













તા.૮.૧૧.૨૦૨૫ : નૃત્ય ભાવવંદના અને નાટિકા...







## તા.૯.૧૧.૨૦૨૫ – પ.પૂ.તરૂબેનના 'પ્રાર્થના પર્વ'ની મુખ્ય સભા...









સ્વાગત વંદના...













ભાવાર્પણ અને નૃત્ય વંદના...





















ભાવાર્પણ, અનાવરણ અને માહાત્મ્ય વંદના...










To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120



પ.પૂ.તરૂબેનના 'પ્રાર્થના પર્વ'ની જય જય જય...



Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India